કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સંયુક્ત અંક : ૧૭૬-૧૭૭ ● માર્ચ-એપ્રિલ-૨૦૨૨




200 YEARS
ઐતિહાસિક ડ્રોન શો

**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.in**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**

**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
**Mo. : 9313719232**
**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9313706095**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦



# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૫) ● સંયુક્ત અંક : ૧૭૬-૧૭૭ માર્ચ-એપ્રિલ-૨૦૨૨

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧ | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨ | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ઉત્સવ આએ અનેક બાર પર્વ આએ એક બાર | ૦૬ |
| ૦૪. | "પર્વ" શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃત વચનો | ૩૮ |

# અસ્મદીયમ્

મહારાજે વચનામૃતમાં કીધું કે, અમે જે જે લીલા કરી હોય, સમૈયા, ઉત્સવ કર્યા હોય તે અંત સમયે ગમે તેવા જીવને સાંભરી આવે તો તેનું અતિ રૂડું થાય. એમ આપણા ‘‘પર્વ’’ મહોત્સવમાં લાખો લોકોએ તેને માણ્યો છે. સત્સંગી ન હોય તેવા લોકોએ અહીં પ્રસાદ લીધો છે. કથાના બે શબ્દો સાંભળ્યા હશે. જોવાના બહાને પણ અહીં આવવું એ એના મોટા ભાગ્ય કહેવાય. ‘‘ડ્રોન-શો’’ જોવા તો અનેક લોકો આવ્યા અને શ્રી નરનારાયણદેવના આકાશમાં દર્શન કર્યા આ બધું અવાર-નવાર સાંભરે, પ્રસાદ લીધો તે પણ સાંભરે. આવા ઉત્સવોની ફલશ્રુતિ આજ છે કે જેના થકી અનેક જીવોનું કલ્યાણ થાય અને છેલ્લાં સમયે જો સાંભરી આવે તો મૃત્યુ સુધરી જાય. માટે જ શ્રીહરિએ આવા સમૈયા-ઉત્સવો અવાર-નવાર ઉજવવાનું કહ્યું છે. શ્રીહરિના આશ્રિતો માટે તો શું કહેવાનું હોય. જેણે જેણે યેનકેન પ્રકારે સેવા કરી છે તે સર્વેની શ્રી નરનારાયણદેવે નોંધ લીધી છે. એટલે એ સર્વેનું નિશ્ચે ખૂબજ રૂડું અને મંગળ થવાનું જ છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી, માર્ચ-૨૦૨૨)



૨૭ થી ૫-૩-૨૦૨૨ જમીયતપુરા શ્રી પ્રભુ હનુમાનજી મંદિર પાસે પરમકૃપાળુશ્રી નરનારાયણદેવનો ૨૦૦ મો પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ખૂબ ધામધૂમથી ઉજવાયો.

૧૮ માર્ચ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં હજારો-સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

૨૫ માર્ચ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ૧૯૬ માં પાટોત્સવ પ્રસંગે મહાભિષેક, અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ અને પ્રાસંગિક સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા.

૨૮ માર્ચ શ્રી સ્વામિનારાયણ મંદિર વર્ધાના મુવાડા (તા. દહેગામ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૩૧ માર્ચ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી આગામી ૨૦૦ માં પાટોત્સવ પ્રસંગે આયોજીત સભા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

૨૭ થી ૫-૩-૨૦૨૨ જમીયતપુરા શ્રી પ્રભુ હનુમાનજી મંદિર પાસે પરમકૃપાળુશ્રી નરનારાયણદેવનો ૨૦૦ મો પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવ પોતાના અધ્યક્ષ સ્થાને ખૂબજ ભવ્યતાથી ઉજવાયો.

૧૮ માર્ચ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ જયંતી 'ફુલદોલોત્સવ' હજારો સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં કેસૂડાના વિવિધ રંગે રમી ઉજવ્યો.

૩૦ માર્ચ શ્રી સ્વામિનારાયણ મંદિર વર્ધાના મુવાડા (તા. દહેગામ) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

# उत्सव आए अनेक बार पर्व आए एक बार

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ **પર્વ**ની જાહેરાત બે વર્ષ અગાઉ કરી હતી. શ્રી નરનારાયણદેવના ૧૯૯ માં પાટોત્સવ સમયે પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને તેઓશ્રીની આજ્ઞાથી **પર્વ** મહોત્સવના આખા વર્ષ દરમિયાન હરિભક્તોને ભજન ભક્તિનો વિશેષ લાભ મળે અને **પર્વ** મહોત્સવ પણ સર્વોપરી ઉજવાય તેવા શુભ હેતુથી મંદિર દ્વારા તે અંગેના નિયમોના ફોર્મ બહાર પાડ્યા. તે માધ્યમથી ભક્તજનોએ આખું વર્ષ ખૂબ જ ભજન ભક્તિ કરી. કોરોનાની બીજી ભારે લહેર આવી અને ગઈ વૈજ્ઞાનિકોની આગાહી પ્રમાણે સમયાંતરે ત્રીજી લહેર પણ જોર પકડવા લાગી. ઉત્સવ નજીક આવતો હતો અને આગાહી તો એવી હતી કે ત્રીજી લહેરના પીકઅપમાં ૮૦% લોકોને કોરોના હશે. હરિભક્તો તથા સંતો દ્વિધામાં તથા ચિંતામાં હતા કે **પર્વ**નું શું થશે ? **પર્વ**ની તૈયારી કરીએ છીએ પણ ખર્ચો માથે પડશે. છેલ્લા ત્રણ મહિનાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી ઉત્સવના ગ્રાઉન્ડ પર નિયમિત દિવસમાં બે વાર આવતા. પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ. શ્રીરાજા પણ ઉત્સવ પહેલા ૧૫ દિવસથી દરરોજ પધારતા, ધર્મકુળે શ્રી નરનારાયણદેવની આંખોમાં તેમની મરજી વાંચી લીધેલી એટલે શ્રીહરિના આ બન્ને સ્વરૂપો સંતો ભક્તોને પ્રોત્સાહન આપી કહેતા કે તમે સૌ તૈયારી ચાલું રાખો. શ્રી નરનારાયણદેવનો આ ઉત્સવ છે અને તે દેવના પ્રભાવથી ઉત્સવ ખૂબ ધામધૂમથી થવાનો છે. સૌના આશ્ચર્ય વચ્ચે ધર્મકુળના આ વચનને સત્ય કરવા માટે દેવના પ્રતાપથી



કોરોનાને ભાગવું પડ્યું. ઉત્સવ શરૂ થવાના આગળના દિવસથી જ સરકારી ગાઈડલાઈનનાં બધા જ નિયમો સંપૂર્ણપણે હટી ગયા અને સૌએ ખૂબ ઉમંગ અને ઉત્સાહથી **પર્વ**ને માણ્યો. તમામ સંતો-ભક્તો આ ઘટનાને એક ઐતિહાસિક પરચો ગણે છે. આપણને મળ્યા તે ભગવાન એ તો કાળના પણ કાળ છે. માટે સ્વયં એ નરનારાયણ ભગવાનનો **પર્વ** મહામહોત્સવ ઉજવાઈ રહ્યો હોય ત્યારે કાળ પણ દેવની આમન્યા રાખીને વિષમપણું છોડીને સૌને સાનુકુળ વર્તે છે.

શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોના પ્લાનીંગ, માર્ગદર્શન તથા સીધી જ દેખરેખ નીચે તેમજ બહેનોએ પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. શ્રી રાજાના નેતૃત્વમાં અનુક્રમે સંતો-ભક્તો તથા બહેનોએ ૧-૨ મહિના મન મૂકીને એક નિષ્ઠાથી તનતોડ સેવા કરી. એક મહિના પહેલા તો સૌને એમ હતું કે ઉત્સવ સુધીમાં કેમ પુરું પડશે ? પરંતુ દેવની મરજી થાય એટલે સંપૂર્ણપણે સ્થળની કાયાપલટ થતા શું વાર લાગે ? જોત જોતામાં તો જંગલમાં મંગલ થઈ ગયું. **પર્વ**ની ડિઝાઈન પ્રમાણે સમગ્ર ગ્રાઉન્ડ ઘાસ, છોડ તથા લીલી જારથી લીલુંછમ થઈ ગયું. સેવાના ભેખધારી સંતો-ભક્તો તથા સ્વયં સેવકો પૈકી કેટલાકના નામ લખીએ તો અન્યને અન્યાય થવાની સંભાવના રહે, વળી વિસ્તારભય પણ રહે છે. ધર્મકુળે પોતાના આશીર્વચનમાં સેવા કરનાર સૌ કોઈને ખૂબ બિરદાવ્યા છે. સ્ટેજ પર આમંત્રિત કરી હૃદયથી સન્માન્યા છે. પોતાના ચરણોમાં બેસાડી ફોટો પડાવી તે ફોટો ફ્રેમ દરેકને સ્મૃતિ ભેટ તરીકે અર્પણ કરી છે. કોઈના નામ લેવાનું ધર્મકુળે પણ મુનાસિબ માન્યું નથી. સૌએ દેવને રાજી કરવા નિષ્કામ ભાવે સેવા કરી છે. એટલે ઉત્સવ પણ અતિ શોભ્યો છે. દરેકનું સ્થાન ધર્મકુળના હૃદયમાં અંકિત થઈ ચૂક્યું છે. નરનારાયણદેવની ડાયરીમાં લખાઈ ગયું છે. સમગ્ર મહોત્સવ દરમિયાન નાના મોટા ૫૨૩ યજમાનોએ વિવિધ પ્રકારે દિવ્ય લાભ લીધો છે. તે પૈકી સમગ્ર **પર્વ**ના મુખ્ય યજમાનપદે પ.ભ. શ્રી





દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ પરિવાર (જમીયતપુરાવાળા, હાલ અમદાવાદ) ધર્મકુળ પૂજનના યજમાન અ.નિ. વર્ષાબેન નવીનચંદ્ર પાઠક (લંડન યુ.કે.), કથાના મુખ્ય યજમાન પ.ભ. ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ પરિવાર, શ્રીમતી કોમલ પંકજકુમાર પટેલ ઓસ્ટ્રેલીયા, શ્રીમતી ડૉ. સ્નેહા પ્રણવકુમાર માણેક, યજ્ઞના મુખ્ય યજમાન અ.નિ. શ્રી ભગવાનદાસ શિવદાસ પટેલ પરિવાર - કરજીસણ અને પાટોત્સવના મુખ્ય યજમાન ગં.સ્વ. સમજુબેન રવજીભાઈ દોંગા પરિવાર - બાપુનગર રહ્યા હતા.

પ.પૂ. શા.સ્વા. નિર્ગુણદાસજી (મહંતશ્રી અમદાવાદ), પ.પૂ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર), પ.પૂ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર) અને પ.પૂ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ (એપ્રોચ મંદિર) કોર કમિટિમાં રહી સેવા બજાવી હતી.

શ્રી નરનારાયણ ભગવાન લાખો લોકોને દર્શન આપવા માટે પોતે જ **પર્વ** સ્વરૂપે બની ગયા એટલે સર્વત્ર **પર્વ** હી હો ગયા. કંકોત્રી સ્વરૂપે સ્વંય શ્રી નરનારાયણ ભગવાન અને એજ ભગવાનના ત્રણેય અપર સ્વરૂપો (નિમંત્રણમ સાખ્ય હોવાથી) પોતાના ભાવિક ભક્તજનોને તથા સ્નેહીજનોને નિમંત્રણ આપવા તેઓના ઘેર પહોંચ્યા તેમજ વોટસેપના માધ્યમથી પણ ઘેરોઘેર પહોંચ્યા. ઉત્સવ દરમિયાન કોઈ પ્રકલ્પ કે કોઈ નાની મોટી વસ્તુ, સ્વયં સેવકોના ટી-શર્ટ, સન્માનરૂપે પૂજાના ખેસ, સ્મૃતિ ભેટ, યજમાનશ્રીઓના ખેસ પટ્ટા, પરિસરના ફરતે કંતાનના પડદા, બેનરો, ધજાઓ એમ જ્યાં પણ દ્રષ્ટિ કરીએ તો સર્વત્ર **પર્વ** હી **પર્વ** જોવા મળે ! નાની મોટી દરેક બાબતને ઓપ આપવામાં પ્રમોટ કરવામાં શ્રીહરિના બન્ને સ્વરૂપોએ ખૂબ વ્યક્તિગત રસ લઈને માર્ગદર્શન પુરુ પાડ્યુંછે. ડિઝાઈનીંગ કલાકાર કંતાનના પડદા પર ડિઝાઈન કરતા હોય ત્યાં પણ પ.પૂ. મહારાજશ્રી ઉભા રહી જાય અને કહે કે અહીં સંપૂર્ણ લાલ કલર નહી, ફક્ત લાલ રંગનું ટપકું કરવાનું. દરેક જગ્યાએ કલર માત્ર સફેદ અને લાલ ! પ.ભ. શ્રી પ્રવીણભાઈ નસીતે કહ્યું કે એન્જિનિયરીંગ, પ્લાનીગં કે ડિઝાઈનીંગમાં જ્યાં જ્યાં અમારી બુદ્ધિ કામ ન કરે ત્યાં ત્યાં પ.પૂ. મહારાજશ્રીનું અકલ્પ માર્ગદર્શન મળી જાય. મંદિરમાં અને

**પર્વ**ના પરિસરમાં લાઈટીંગના ડેકોરેશનની સંપૂર્ણ પસંદગી અને માર્ગદર્શન પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પુરુ પાડ્યું છે. પ.પૂ. મહારાજશ્રીને મંદિરમાં દેવની સાનિધ્યમાં ઉત્સવો ઉજવાય તેવો તેઓશ્રીનો હંમેશ અભિગમ રહ્યો છે. **પર્વ** મહામહોત્સવમાં આ બાબત અશક્ય હોવાથી તેના પર્યાય સ્વરૂપે આપણા સંપૂર્ણ કાલુપુર મંદિરને પ.પૂ. મહારાજશ્રીએ તથા ધર્મકુળ પરિવારે **પર્વ** ના ગ્રાઉન્ડ પર બીજા સ્વરૂપે ટ્રાન્સફર કરી દીધું. મુખ્ય દરવાજાની થીમ, મંદિરની થીમ તથા સભા મંડપના પ્રવેશ પરની હવેલીની થીમનું દર્શન કરવાથી પ્રતિતિ થશે એટલું જ નહી પરંતુ બદરીવનની સ્મૃતિ થઈ આવે તે હેતુથી બદરીવનની સમીપે રહેલા કલાપ નામના ગામની પ્રતિકૃતિ પણ ત્યાં ખડી કરી દીધી. ઉત્સવ માટેની જમીન પણ શ્રીહરિના ચરણોથી અંકિત જમિયતપુરા ગામની પસંદ કરી જે જમીનને બિલકુલ અડીને જ આપણું હરિ મંદિર અને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ પધરાવેલા હનુમાજી દર્શન આપે છે. જે મંદિરના પ્રાંગણમાં શ્રીહરિએ જળપાન કરેલી પ્રસાદીની કૂઈ દર્શન આપે છે.

જેમ ભગવાન શ્રીહરિ સર્વ કલાના નિધિ છે. તેમ તેમના આ સ્વરૂપ પણ સર્વ કલાના નિધિ છે. ગમે તે ક્ષેત્રના ગમે તેવા મોટા તજજ્ઞ હોય પરંતુ પ.પૂ. મહારાજશ્રીના સંપર્કમાં આવે એટલે પોતાનો તો ગર્વ તજી દે. ગાયક અને સંગીત કલાકાર સુજ્ઞ શ્રી નિરજભાઈ પરીખ તેનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત છે. જે કોઈ અહીં આવે તેઓ પોતાની સાથે શ્રી નરનારાયણદેવની કાયમી સ્મૃતિ તથા ધર્મકુળની અમીટ છાપ પોતાના હૃદયમાં લઈને જાય. દરેક પાસેથી જુદા જુદા પ્રકારની સેવા લેવાનો એક જ હેતુ હતો કે દરેકને દર્શન સમયે પ્રતિતિ થાય કે આ **પર્વ** મહોત્સવમાં હું પણ સહભાગી છું. મારું પણ કંઈક યોગાદન છે. જેઓએ આ **પર્વ** માં સેવા કરી છે કે માણ્યો છે તેના જીવનમાંથી સ્મૃતિ ક્યારેય ભૂલાવાની નથી એ નિશ્ચિત છે. અને જેની જીંદગીભર સ્મૃતિ રહે એ અંતકાળે કેમ યાદ ન આવે ! અંતકાળે **પર્વ** યાદ આવે એટલે શ્રી નરનારાયણદેવ યાદ આવે જ અને તેથી





વચનામૃત ગ.પ્ર.પ્ર.-૩ માં શ્રીજી મહારાજના વચનો સત્ય થવાના જ છે!



**પર્વ** એટલે ન ભૂતો ન ભવિષ્યતિ એ ધર્મકુળનું વચન સત્ય થયું છે ત્યારે આવો.... હવે આપણે શબ્દકૃતિના માધ્યમથી **પર્વ**ના સાતેય દિવસના કાર્યક્રમોના સંસ્મરણો તથા વિવિધ પ્રકલ્પોનું ક્રમશઃ વિહંગાવલોકન કરી સ્મૃતિ તાજી કરીએ.

**પ્રથમ દિવસ :** અમદાવાદ નિજ મંદિરમાં શ્રી નરનારાયણદેવની સન્મુખ સવારના ૭-૩૦ કલાકે યજમાનશ્રીઓને સાથે રાખી દક્ષિણના વિદ્વાન ભૂદેવોએ ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એમ ચાર વેદનું પૂજન કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી કરી હતી. ત્યાર પછી ભૂદેવોએ અક્ષરભુવન શ્રી ઘનશ્યામ મહારાજની ઉપરના માળે વેદોની વિવિધ શાખાઓનું સ્થાપન કરીને ચતુર્વેદ ગાનના પાઠ ચાલુ કરી દિવસ દરમિયાન દરરોજ **પર્વ**ની પૂર્ણાહુતિ સુધી કર્યા હતા. શ્રી નરનારાયણદેવો સમક્ષ દરરોજ બોર, દ્રાક્ષ, ફળો, શાકભાજી, મોટી કેક, માખણ મીસરી આદિક પદાર્થોનો અન્નકૂટ થયો હતો.

કથાનામુખ્ય યજમાનશ્રીના ઘેર પોથી પૂજન થયા બાદ સવારે ૮-૩૦ કલાકે પોથીયાત્રા માટે મહોત્સવ સ્થળના મુખ્ય દરવાજાની બહાર સૌ ભેગા મળી કથા તથા સંહિતા પાઠના કુલ ૧૩૫ યજમાનો તેમજ **પર્વ**ના મુખ્ય યજમાનોએ પોથીઓને પોતાના શિર પર પધરાવી ખૂબ ધામધૂમથી સમગ્ર ધર્મકુળ સહિત સંતો ભક્તો સૌ કોઈ મુખ્ય દરવાજે પધાર્યા હતા. મુખ્ય દરવાજે શંખનાદ તથા ઠાકોરજીના જયઘોષ સાથે ઠાકોરજીના સાનિધ્યમાં પ.પૂ. લાલજી





મહારાજશ્રીએ લાલ રીબીન કાપીને તથા પ.પૂ. મહારાજશ્રીએ શ્રીફળ વધેરીને સંતો તથા હજારો ભક્તજનોની ઉપસ્થિતિમાં ઉત્સવ સ્થળનું ઉદ્‌ઘાટન કર્યું હતું. પોથીયાત્રામાં નંદ સંતો રચિત કીર્તનોની રમઝટ સાથે સ્થળ પર નિર્માણ કરેલા મંદિરમાં સવારે ૯-૩૦ કલાકે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી દર્શન કરી મંદિરને દર્શન માટે ખુલ્લું મૂક્યું હતું. પોથીયાત્રામાં પ.પૂ. મહારાજશ્રીના શિર પર પાર્ષદશ્રીઓએ ધારણ કરાવેલું છત્ર, હાથીની અંબાડી તથા જ્ઞાનકૂપ (સભા મંડપ)ની બહાર રહેલા ૧૫ જેટલા ઘોડે સવારો ડંકા તથા પડઘમના નાદ સાથે તેમજ ૧૫ જેટલા હાથમાં ધારણ કરેલા લાલ કલરના અને જેની મધ્યમાં સોનેરી અક્ષરે પર્વ લખેલું છે તેવા નિશાન સાથે પોથીયાત્રાનો ખૂબ દિવ્ય અને અવિસ્મરણીય આનંદ સૌ કોઈએ માણ્યો હતો. સમગ્ર વાતાવરણ સૌ કોઈના હૃદયમાં અતિ ઉત્સાહ પ્રેરે તેવું હતું. ૯-૪૦ કલાકે સભા મંડપ પ્રવેશ સમયે ગાયકવૃંદે સંગીતની સુરાવલીઓ સાથે ઠાકોરજી, પોથી, ધર્મકુળ તથા સંતોના વધામણા સ્વરૂપે સજની કોડે મારે ઘેર શ્રીજી પધાર્યા. એ પદ ગાયું. પાર્ષદ વર્ય શ્રી કનુ ભગતે ધર્મકુળના આગમનની છડી પોકારી હતી. સૌ કોઈનું અભિવાદન ઝીલતા ઝીલતા શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો સ્ટેજ પર પધાર્યા હતા.

સવારના ૧૦ કલાકે પોથીસ્થાપન અને પૂજન બાદ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ આગેવાન સંતો તથા દરેક વિભાગના મુખ્ય યજમાનશ્રીઓ સાથે રહી સ્ટેજ પર મંગલ દીપ પ્રાગટ્ય કર્યું હતું. એ સાથે જ ખ્યાતનામ ગાયક કલાકાર સુજ્ઞ શ્રી નીરજભાઈ પરીખે પોતાના સાજીંદાઓની ટીમ સાથે **પર્વ** ટાઈટલ સોંગ નારાયણ.... નરનારાયણ એ અદ્‌ભુત પદનું તેમજ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી રચિત વીરરસ પ્રેરક એક પદનું ખૂબ ઉત્સાહ











રાજ્યપાલશ્રીનું સન્માન



મુખ્યમંત્રીશ્રીનું સન્માન



શ્રી નરહરિ અમીનનું સન્માન

પૂર્વક ગાન કરી સૌને દિવ્યાનંદમાં ગરકાવ કર્યા હતા. ત્યાર પછી સમગ્ર સભાજનો વતી સભા સંચાલક શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ની પ્રાર્થનાથી વ્યાસપીઠ પર બિરાજેલ અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ થોડીક ક્ષણો માટે શ્રીહરિના મંગલમય નામની ધૂન કરી સ.ગુ. શ્રી વાસુદેવાનંદ વર્ણી રચિત શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા અંતર્ગત શ્રી નરનારાયણદેવની પ્રાગટ્યની કથા તથા પરમાત્માના વચનોની મહત્તા કહી હતી. એ દરમિયાન પ.પૂ. મહારાજશ્રીએ ગ્રાઉન્ડ પરના અન્ય મહત્વના પ્રકલ્પોનું ઉદ્ઘાટન કરી દર્શન કરી સૌ કોઈના દર્શન માટે ખુલ્લા મુક્યા હતા. ત્યારબાદ આપણા આ પર્વ મહોત્સવને શોભાવવા માટે પધારેલા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્યપાલ મહામહિમ આચાર્યશ્રી દેવવ્રતજી તથા સાંસદ શ્રી નરહરિઅમીનનું શ્રીહરિના ત્રણેય સ્વરૂપોએ સાથે રહી ભાવભર્યું સ્વાગત સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી તથા રાજ્યપાલશ્રીએ સભાજનોને સુંદર ઉદ્બોધન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિજ્ઞાનની સાથે ધર્મ

તથા રાજકીય મહાનુભાવોએ પણ ધાર્મિક મહાનુભાવોના માર્ગદર્શનની જરૂર રહે છે એ વિશે વિસ્તારપૂર્વક વાત કરી હતી. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી તથા ગીર ગાયના સંવર્ધન પોષણ તથા ધર્મજ્ઞાન અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ આ શુભ મંગલ ઘડીએ સૌને સ્વાગત આશીર્વચન પાઠવ્યા હતા.

બપોર પછીના પ્રાસંગિક કાર્યક્રમમાં પદ્મ શ્રી ડૉ. તેજસભાઈ પટેલે પ્રશ્નોતરી સાથે હૃદય રોગ અને ઓબેસીટી (પેટની ચરબી) મુક્ત નિરામય જીવન કેવી રીતે જીવી શકાય તેની પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્મયાં વિસ્તૃત માહિતી આપી હતી.

સાંજના ૭-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને ધર્મકુળ પરિવાર સહિત વિશાળ સંખ્યામાં સંતો ભક્તોએ હજારો દીવડાઓ પ્રગટાવીને સાબરમતી મૈયાની સમૂહ આરતી ઉતારી હતી. પૂ. મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજીના માર્ગદર્શનથી સમગ્ર મંદિરના સંકુલમાં પણ હજારો દીવડાઓ પ્રગટાવી દિવાળી જેવું વાતાવરણ ખડું થયું હતું. રાત્રી કાર્યક્રમમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાની સાનિધ્યમાં હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવે અને ગાયક કલાકાર ગીતાબેન રબારી એમ બન્ને સુપ્રસિધ્ધ કલાકારોએ હાસ્યરસ અને ગીત સંગીતના માધ્યમથી સૌના હૃદયમાં ભક્તિરસ, રાષ્ટ્રભાવના અને સુસંસ્કારોની અભિવૃધ્ધિ સાથે સૌને ખૂબ આનંદિત કર્યા હતા.


પદ્મશ્રી ડૉ. તેજશ પટેલ

















**બીજા દિવસ**ના વિશેષ કાર્યક્રમો જીવન પર્યંત અનુભવ સાથેનું ઊંડું જ્ઞાન ધરાવનાર શ્રી ગોપાલભાઈ સુતરીયા દ્વારા ગોકૃપા કૃષિ પધ્ધતિ તેમજ ઓર્ગેનિક ખેતી એટલે શાશ્વત ખેતી અને તેનાથી નિરામય જીવન વિશે પ્રશ્નોતરી સાથે સૌને જ્ઞાન પીરસી પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવ્યા હતા. રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. શ્રીરાજાની સાનિધ્યમાં ખ્યાતનામ કલાકારશ્રી ભીખુદાનભાઈ ગઢવી તથા નિલેશ ગઢવીએ પહાડી રાગમાં શોર્ય ગાથાઓ, ભક્તિસભર ગીતો તેમજ લોક ગીતો ગાઈને સૌને વીરરસ અને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.



**ત્રીજા દિવસ**ના તથા **ચોથા દિવસ**ના સવારના વિશેષ કાર્યક્રમમાં ૭-૩૦ થી ૯-૩૦ પર્યંત સમૂહ મહાપૂજા સંપન્ન થઈ હતી. જેનો બે હજાર યુગલ ભક્તજનોએ દિવ્ય લાભ લીધો હતો. મહાપૂજાના ઠાકોરજીની મૂર્તિ તરીકે દરેક







શ્રી ગોપાલ સુતરીયા









ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી



યજમાનશ્રીને એક બાજુ શ્રી નરનારાયણદેવની પ્રતિમા તથા બીજી બાજુ **પર્વ** લખેલો ચાંદીનો સિક્કો પૂજવા માટે તથા સ્મૃતિ ભેટ તરીકે આપ્યો હતો. સન્માન તરીકે **પર્વ** તથા શ્રી સ્વામિનારાયણ.... શ્રી સ્વામિનારાયણ એવા નામથી અંકિત કરેલ  ખેસ સૌને અર્પણ કર્યો હતો. પ્રથમ દિવસની મહાપૂજાની પૂર્ણાહુતિમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને દ્વિતીય દિવસની પૂર્ણાહુતિમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને આરતી કરી સૌનું અભિવાદન કર્યું હતું. **પર્વ**ની સ્મૃતિ રૂપે દરેક યજમાનોને યુગલ સ્વરૂપે ફોટો પાડીને દરેકને વ્યક્તિગત રીતે **પર્વ** લખેલી ફોટો ફ્રેમ આપી હતી. બપોર પછીની પ્રાસંગિક સભામાં મૂળી દેશના સમલા ગામના પ.ભ. શ્રી શામભાઈ ઝાલાના ૮ વર્ષના દીકરા શ્રી કૃષ્ણદેવસિંહજી ઝાલાએ પોતાની ભેટ આવેલી બચત રૂા. ૩૫,૦૦૦/- **પર્વ** મહોત્સવમાં અર્પણ કરી હતી. ત્યારે પ.પૂ. મહારાજશ્રીએ તેમની શ્રધ્ધા અને ભાવના જોઈને તેમના પર ખૂબ રાજી થયા હતા. સભામાં શ્રી પ્રફુલભાઈ

સેંજલીયાએ શોષણ મુક્ત ખેતી તેમજ શ્રી દીક્ષીતભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી અંગે માહિતી આપી હતી.

**ચોથા દિવસ**ના બપોર પછીના વિશેષ કાર્યક્રમમાં પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.શ્રી રાજાના સાનિધ્યમાં મહિલા મંચનું ખૂબ સુંદર આયોજન થયું હતું. સ.ગુ. નિત્યાનંદ સ્વામી રચિત શ્રી નરનારાયણદેવ પાહિમામ્.... એ અષ્ટક બહેનોને નૃત્ય સાથે ગાન કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. બહેનોએ ગાગર ઉંધી રાખીને તેના પર ઉભા રહીને બેલેન્સ સાથે હાથમાં **પર્વ**નો લોગો અને શ્રી નરનારાયણદેવની મૂર્તિનું દર્શન કરાવીને પોતાની કલા વ્યક્ત કરી હતી. માન્યા નામની નાની બાલિકાએ પોતાની કાલીઘેલી ભાષામાં ભારતના મદ્રાસના એક ધનાઢ્ય બ્રાહ્મણનું ધન શ્રી નરનારાયણદેવે પ્રત્યક્ષ બોલીને માગી લઈને સ્વીકાર્યું તે પ્રસંગ કહીને શ્રી નરનારાયણદેવનો મહિમા કહ્યો હતો. આયો રે શુભ દિન આયો રે....., એક સમે અમદાવાદ માં રે......, વહાલો અમદા તે વાદમાં





શ્રી નીતિનભાઈ પટેલ



આવીયા રે..... એ આદિક કીર્તનોનું ગાન વાલી (રાજસ્થાન), હાલાર, અમદાવાદ શહેર તથા કાલુપુર મંદિરના સાંખ્યયોગી બહેનોએ રાસ તથા નૃત્ય સાથે કર્યું હતું. રાજસ્થાની બહેનોએ રૂપક તથા તલવાર બાજીની કળા રજૂ કરી હતી. સાંખ્યયોગી બહેનોએ સંપ્રદાય માટે અતિ મહત્વનું અને સત્સંગી માત્રએ અને ખાસ કરીને સંપ્રદાયના કથાકારોએ અનુસરવારૂપ એક રૂપક રજૂ કરીને શ્રીમદ્ સત્સંગિજીવનના શ્લોકોનું ગાન કરીને તેમજ શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથના આધારે સૌને સમજાવ્યું હતું કે **શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં પોતે છ મંદિરોમાં નહી પરંતુ મૂળી, જેતલપુર અને**


પર્વ મહિલા મંચ

**ધોળકા મળીને કુલ નવ મહામંદિરોમાં સ્વહસ્તે દેવોની પ્રાણપ્રતિષ્ઠા કરી છે તેમજ વિશેષમાં વચનામૃત ગ.પ્ર.પ્ર. ૪૮ ના આધારે પ્રતિપાદન કર્યું હતું કે હરિભક્ત માત્રએ સવારની નિત્ય પૂજામાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ અવશ્ય રાખવી.** **યે પર્વ** હૈ મેરા... ના ટાઈટલ સોંગ સાથે **પર્વ** લખેલી ધજાઓ ફરકાવીને મહિલા મંચનું સમાપન થયું હતું.

પ્રાસંગિક કાર્યક્રમમાં એક ભાવિક ભક્તજન શ્રી તેજાભાઈ ભરવાડે પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીને રંગબેરંગી પ્રાદેશિક ભાતીગળ વસ્ત્રો અર્પણ કર્યા હતા. જે શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ થોડીવાર ધારણ કરી તેની ભાવના પૂરી કરી હતી. આધુનિક ટેકનોલોજીનો ધર્મપ્રચારમાં ઉપયોગ થઈ શકે તેવા હેતુથી પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શરૂ થયેલી કાલુપુર મંદિરની યુ-ટ્યુબ ચેનલને સવા લાખ ઉપરાતં દર્શકોએ સબસ્ક્રાઈબ કરતા મંદિરને સિલ્વર એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. જે સ્વીકારીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપણા યુ-ટ્યુબ ચેનલ સંબંધિત ચાર કાર્યકરોનું સન્માન કર્યું હતું.

ત્રીજા અને ચોથા બન્ને દિવસના રાત્રી કાર્યક્રમમાં ગુજરાતમાં ધાર્મિક ક્ષેત્રમાં સૌ પ્રથમવાર અદ્‌ભુત ડ્રોન-શો અને લાઈટ શો થયો હતો. પ્રથમ દિવસે પૂરવ પટેલ, આદિત્ય ગઢવી, ભૌમિક શાહ તથા સૌરભ પટેલ દ્વારા અદ્‌ભુત સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. મોરલીવાદનથી કાર્યક્રમની શરૂઆત કરી







# સાંસ્કૃતિક કાર્યક્રમો



નરનારાયણ પાહિમામ..... અષ્ટક અને આજ મારે ઓરડે રે... વગેરે ભક્તિપદ દ્વારા સૌ ભક્તિરસમાં તરબોળ થયા હતા. ૫૨૫ ડ્રોનને એકી સાથે આકાશમાં ઉડાડતા અંધકારમાં પ્રકાશનો અદ્‌ભુત નજારો જોવા મળ્યો હતો. તા. ૨-૩-૨૦૨૨ ના શોમાં સેંકડો ડ્રોન દ્વારા આકાશમાં પ્રકાશ યુક્ત આકૃતિઓનું નિર્માણ થતા સૌ કોઈ આનંદમાં ઝૂમી ઉઠ્યા હતા. સમગ્ર ગ્રાઉન્ડમાં ક્યાંય પણ પગ મૂકવાની જગ્યા રહી નહોતી એટલા ભાવિક ભક્તો કાર્યક્રમ નિહાળવા પધાર્યા હતા. સમગ્ર ગ્રાઉન્ડ પર ૧૭ જેટલા LED સ્ક્રીન લગાવી દીધા હતા. આ દિવસે નામાંકિત કલાકાર કિંજલ દવે દ્વારા રાસ ગરબા સાથેનો સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો.

**પાંચમા દિવસ તથા છઠ્ઠા દિવસ**ના વિશેષ કાર્યક્રમમાં બન્ને દિવસે સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ પર્યંત મહામારી શમન યજ્ઞ (વિષ્ણુયાગ)નું આયોજન કુલ ૭૧૪ યુગલ ભક્તજનોના યજમાનપદે થયું હતું. એક મુખ્ય યજ્ઞકુંડ સાથે ૨૩૮ યજ્ઞકુંડોમાં ૪૦૦ જેટલા પવિત્ર વિદ્વાન ભૂદેવોએ યજમાનશ્રીઓ દ્વારા વેદોક્તવિધિથી વેદમંત્રો સાથે હોમ કરાવ્યો હતો. પૂ. વ્રજવલ્લભ સ્વામી (મૂળી)એ પોતાના હાથ વડે સવા લાખ ડાંગરને ફોલીને યજ્ઞમાં હોમવા લાવ્યા હતા. મહામારી યજ્ઞ શરૂ થતા પહેલા જ ગુજરાતમાંથી કોરોના મહામારી ક્યાંય દૂર ચાલી ગઈ. હવે શ્રી નરનારાયણદેવના રાજીપાથી, પ્રતાપથી અને મરજીથી કોરોના જેવી સમગ્ર મહામારી સમગ્ર વિશ્વમાંથી ચાલી







જાય તો નવાઈ નહી ! વિષ્ણુયાગનો પ્રારંભ પ.પૂ. મહારાજશ્રીએ કરાવ્યો હતો તથા પૂર્ણાહુતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યજ્ઞના મુખ્ય યજમાનશ્રીને સાથે રાખી યજ્ઞમાં શ્રીફળ હોમી, ઘીની આહુતિ આપીને તથા આરતી કરીને યજમાનશ્રીઓનું સન્માન કરીને કરી હતી. યજ્ઞના દરેક યજમાનશ્રીને પણ શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા **પર્વ**થી અંકિત ચાંદીનો સિક્કો સ્મૃતિભેટ તરીકે આપ્યો હતો.





મહોત્સવમાં પૂ. શ્રીરાજા , પ.પૂ. લાલજી મહારાજશ્રીની સહાયમાં રહ્યા હતા. સમગ્ર ધર્મકુળ પરિવારના સભ્યો સાતે-સાતે દિવસ મહોત્સવમાં અખંડ હાજર રહી સૌને પરિપૂર્ણ દિવ્ય સુખ આપ્યું હતું. રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં નામાંકિત ગાયક કલાકાર કૈલાશ ખેર દ્વારા શ્રી નરનારાયણ દેવના ભક્તિ પદોને કેન્દ્રમાં રાખીને થયો હતો.

**પાંચમા દિવસ**ના પ્રાસંગિક કાર્યક્રમમાં **પર્વ**ના અધ્યક્ષ એવા આપણા ભાવિ આચાર્યશ્રી લાલજી મહારાજશ્રીનું સન્માન આપણા આગેવાન સંતોએ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના મામાશ્રીની સાથે રહીને કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મામાશ્રીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભેટીને ખૂબ રાજીપો વરસાવ્યો હતો. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પોતાના પુત્ર પ્રત્યે **પર્વ**ની સેવાથી રાજી થઈને લખેલો પત્ર સભા સંચાલકશ્રીએ સભામાં વાંચી સંભળાવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રીને બેઠકે શુભાશીર્વાદ લેવા પધાર્યા ત્યારે પ.પૂ. ગાદીવાળાશ્રી વતી પ.પૂ. શ્રીરાજાએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યું હતું. પ.પૂ. બિન્દુરાજાએ પૂ. શ્રીરાજાનું પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યું હતું. તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીએ પણ શ્રીરાજાને ફુલનો હાર પહેરાવી સન્માન કરી હૃદયના શુભાશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. મામાશ્રીએ પોતાના વક્તવ્યમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના નાની ઉંમરમાંઆવા ભગીરથ કાર્યને બિરદાવી અહોભાવ વ્યક્ત કર્યો હતો. સમગ્ર




**છઠ્ઠા દિવસે** સવારે પ્રાસંગિક કાર્યક્રમમાં ધર્મકુળ પૂજન, સંત પૂજન તથા સાંખ્યયોગી બહેનોનું પૂજન થયું હતું. બપોર પછી દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. દરેક દિવસે સવાર-સાંજ બન્ને પ્રાસંગિક કાર્યક્રમમાં જુદા જુદા ગ્રુપમાં કુલ ૫૨૩ યજમાનશ્રીઓ (દરેક યજમાનશ્રીઓએ ગ્રુપ પ્રમાણે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના ચરણોમાં બેસીને ફોટો પડાવ્યો હતો. અને **પર્વ**ની સ્મૃતિ રૂપે તે ફોટો ફ્રેમ દરેક યજમાનશ્રીને મંદિર તરફથી સ્મૃતિ તરીકે

આપવામાં આવી હતી) અને રાજકીય, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, વહીવટી, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, સંરક્ષણ, કલાકારો, પર્યાવરણ, આરોગ્ય અને પ્રાકૃતિક ખેતીના તજજ્ઞો વગેરે મળી ૨૦૦ જેટલા મહાનુભાવોનું શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના હસ્તે પુષ્પગુચ્છ, સુંદર શાલ તથા અમદાવાદ મંદિરની પ્રથમની પ્રતિકૃતિ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. જે પૈકી ૫૦ જેટલા મહાનુભાવોએ **પર્વ** પ્રસંગને અનુરૂપ પોતાના હૃદયની ઉર્મિઓ વ્યક્ત કરી હતી. રાજકીય મહાનુભાવોએ પોતાના વક્તવ્યમાં ખાસ કરીને તાજેતરમાં કોરોના મહામારી સમયે આપણા અમદાવાદ મંદિર અને તાબાના મંદિરો દ્વારા થયેલી ભોજન, રહેવાની વ્યવસ્થા તેમજ ભૂતકાળની સેવાઓને ખૂબ બિરદાવી હતી. મંદિર તથા અન્ય મંદિરો દ્વારા અર્પણ થયેલી મોટી રકમનું પણ સંસ્મરણ કર્યું હતું. આપત્તિના સમયે આપણા ૩૫૦ જેટલા મંદિરો દ્વારા થતી દરેક પ્રકારની સેવાને બિરદાવી હતી. શ્રી અભયસિંહ ચુડાસમા (રેન્જ IG ગાંધીનગર)એ માનવતાના ધર્મ ઉપર ખૂબ મનનીય પ્રવચન કર્યું હતું.

ગુજરાત રાજ્યના મંત્રીશ્રી બ્રિજેશજી મિર્જાએ પોતાની બાલ્યાવસ્થાનું સ્મરણ કરતા કહ્યું કે મારા પૂછવાથી મારા દાદીમા કહેતા કે ભગવાનના હાથ ઢીંચણ સુધી લાંબા હોય અને એવા લાંબા હાથ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના છે. અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના દરેક મોટા મંદિરોએથી પધારેલા ૨૦૦ ઉપરાંત સંતો-મહંતો પૈકી ૫૦ જેટલા સંતોએ વ્યાખ્યાન માળાના માધ્યમથી દરેક સભાજનોના હૃદયમાં **પર્વ**ને અનુરૂપ શ્રી નરનારાયણદેવની નિષ્ઠા દ્રઢ કરાવી હતી. ભૂજ મંદિરના મહંત સ્વામી પૂ. ધર્મનંદન સ્વામીને પ.પૂ. મહારાજશ્રી ભાવથી ભેટ્યા હતા અને આદર આપ્યો હતો. સાંખ્યયોગી બહેનો પણ ૩૫૦ જેટલી સંખ્યામાં પધાર્યા હતા. જેમના ઉતારા ઝુંડાલ ગામે આપવામાં આવ્યા હતા. ઝુંડાલ ગામના ભક્તજનોએ સાંખ્યયોગી માતાઓ માટે પોતાની ફોર વ્હીલ ગાડીઓ સેવામાં મૂકી હતી. અયોધ્યાથી પૂજારીઓ સાથે પધારેલા હનુમાનગઢીના મહંતશ્રી ગૌરીશંકરદાસજીએ પ.પૂ. મહારાજશ્રીનું સન્માન કરી શક્તિના પ્રતિક સ્વરૂપ હનુમાનજીની ગદા અર્પણ કરી હતી.

પ.પૂ. બિન્દુરાજા, પ.પૂ. લાલજી મહારાજશ્રીના મામાશ્રી, પૂ. માસી તથા માસા, પ.પૂ. ગાદીવાળાશ્રીના માતૃશ્રી તેમજ પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ.



અયોધ્યા હનુમાનગઢીના મહંતશ્રી ગદા અર્પણ કરતા




ચોકલેટના હારથી
પ.પૂ. લાલજી મહારાજશ્રીનું
સન્માન કરતા સંતો



## ધર્મકુળના મહેમાનશ્રીઓ






મોટા મહારાજશ્રીના મિત્રો, સ્વજનો એમ દરેક પુણ્યાત્માઓ ધર્મકુળના આમંત્રણને માન આપી **પર્વ**ને માણવા પધાર્યા હતા. તેઓ દરેકનું તેઓની ગરિમાને અનુરૂપ સંપ્રદાયે સન્માન કર્યું હતું. **પર્વ** પ્રસંગે કાલુપુર મંદિરને, હવેલીને, સભામંડપને તથા **પર્વ** ગ્રાઉન્ડના પ્રકલ્પો ખાસ કરીને સભા મંડપના દ્વાર પરની હવેલીની થીમને લાઈટીંગથી ખૂબ સુંદર રોશની કરી હતી. બપોર પછીના વિશેષ કાર્યક્રમમાં LED સ્ક્રીન પર અમદાવાદ મંદિર સહિત શહેરના પ્રસાદીના સ્થળોનું મહિમા કહીને દર્શન કરાવવામાં આવ્યું હતું.

રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ ખ્યાતનામ ગાયક કલાકારશ્રી નીરજભાઈ પરીખ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાની સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવના મહિમાના પદો તથા પંડિત જસરાસજી રચિત પદોનું તબલા, ગીટાર, કીબોર્ડ, સારંગી અને ડ્રમ જેવા સંગીતના ઉપકરણોમાંથી ઉઠતી સંગીતની સુમધુર સુરાવલીઓ સાથે થયો હતો.

**સાતમાં દિવસે** સવારે ૬-૩૦ કલાકે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ ત્રણેય દેરામાં શ્રી નરનારાયણાદિક દેવોનો પંચામૃત અને કેસર જળથી વેદોકત









વિધિપૂર્વક મહાભિષેક કર્યો હતો. મંદિરના ત્રણેય શિખર પર તથા ગણપતિ, હનુમાનજીના દેરાના શિખર પર નવી ધજા આરોહણ કરવામાં આવી હતી. મંદિરનો સભા મંડપ ધૂનના નાદથી ગૂંજી રહ્યો હતો. મંદિરના સમગ્ર સંકુલમાં ક્યાંય પણ પગ મૂકવાની જગ્યા નહોતી. અન્નકૂટ આરતી સમયે પણ દર્શનાર્થી ભક્તજનોની એટલી જ ભીડ હતી. ૨૦૦ વર્ષ પહેલા પ્રતિષ્ઠા સમયનો માહોલ કેવો હશે તેની ઝાંખી સૌ કોઈને થઈ હતી. મંદ શીતળ વાયુ વાતો હતો. આકાશમાં પક્ષીઓ એટલા ઉડતા હતા કે જાણે દેવો દર્શન કરવા આવ્યા હોય એવી દિવ્ય અનુભૂતિ થતી હતી.



કથા સ્થળ પર સવારે ૧૦-૦૦ કલાકે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો દ્વારા વ્યાસપીઠની આરતી કરી કથા પૂર્ણાહુતિ કરાવી હતી. ત્યાર પછી અતિથિ વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું. કથાના સાતેય દિવસ દરમિયાન અલ્ટરનેટીવ ધોરણે પૂ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીએ પણ કથાનો લાભ આપ્યો હતો. કથા દરમિયાન હસમુખ પાટડીયા, હરિકૃષ્ણભાઈ આદિકના સ્વરથી નંદસંતો રચિત કીર્તનોના ગાન સાથે યુવાન સંતો, ભૂદેવો, યજમાનો તથા ઉત્સાહી ભક્તજનો દ્વારા દરરોજ સુંદર રાસ રચાતો હતો. સૌ કોઈ આનંદમાં ઝૂમી ઉઠતા હતા. પ્રથમ દિવસથી જ ૬૦૦ X ૩૦૦ ફૂટનો વિશાળ સભામંડપ નાનો પડતા બીજા દિવસથી બન્ને બાજુ ૨૫ - ૨૫ ફૂટ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. સંપ્રદાયના બંધારણના રક્ષણ માટે શ્રીહરિએ દર્શાવેલા સિદ્ધાતોનું રક્ષણ કરવા ખૂબ નિડરતાપૂર્વક બોલી શકે તેવા આ બન્ને સંતો દેવ આચાર્યની નિષ્ઠામાં ખુમારીવાળા સ્પષ્ટ વક્તાઓ છે અને એટલા જ નિર્માની છે. જ્યારે જ્યારે પ.પૂ. મહારાજશ્રી વ્યાસ સ્વરૂપ વક્તાશ્રી તરીકે તેઓને હાર પહેરાવવા પધારે એટલે તુરત જ વ્યાસપીઠ ઉપરથી ઉભા થઈને શ્રીહરિના અપર સ્વરૂપ એવા પ.પૂ. મહારાજશ્રીને માન આપે. પ.પૂ. મહારાજશ્રી તેઓને બેસી રહેવા કહે ત્યારે પૂ. નિર્ગુણદાસજી સ્વામીએ કથામાં સૌ શ્રોતાજનો આગળ ખુલાસો કર્યો કે અમે ભલે વ્યાસ સ્વરૂપ હોઈએ તો પણ વ્યાસ ભગવાન તો પુરુષોત્તમ નારાયણ અવતાર છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાન તો પુરુષોત્તમ નારાયણ અવતારી પોતે છે અને આપણા આ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ જ આ અવતારી સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ છે માટે અમારે વ્યાસપીઠ ઉપરથી પણ થોડી ક્ષણો માટે ઉભા થવું જોઈએ ! ખરેખર !



આવી સૂક્ષ્મ અને સાત્વિકિ બુદ્ધિ તો શ્રી નરનારાયણ ભગવાનની સંપૂર્ણ કૃપાનું જ ફળ હોઈ શકે !

બપોરના ૧૧-૩૦ થી ૧૨-૩૦ દરમિયાન શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ દરેક ભાવિક ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધર્મકુળ પરિવારે સવાર-સાંજ-રાત્રિ એમ દરેક સેશનમાં હાજરી આપી એટલું જ નહિ **પર્વ**ના દરેક પ્રકલ્પમાં સતત વિચરણ કરતા રહ્યા અને સ્વયં સેવકોને દર્શન આપી ઉત્સાહ પ્રેરણા આપતા રહ્યા. પ.પૂ. ગાદીવાળાશ્રી જે સમયે જે પ્રકલ્પમાં ભીડ ઓછી હોય તે સમયે ત્યાં સંપ્રદાયની મર્યાદાનું પાલન કરતા થકા પધારતા રહ્યા. **પર્વ** સર્વોપરી રહ્યો કારણ કે અમદાવાદ દેશમાં શ્રીજી સ્થાપિત મૂળ પરંપરા તથા સિદ્ધાંતોને અનુસરીને સૌ કોઈ ધર્મગુરુ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પદની ગરિમા જાળવીને તેઓશ્રીની આજ્ઞા અને અનુવૃતિમાં રહીને સેવા કરે છે.

બપોર પછી ૩-૦૦ થી ૪-૦૦ કલાક દરમિયાન દરેક સ્વયંસેવકોનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં સન્માન કરી દરેકને પ્રસાદનું બોક્ષ અર્પણ કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હૃદયપૂર્વકના આશીર્વચન સાથે સ્વયં સેવકોની સેવાને બિરદાવી હતી.

અમદાવાદ શહેરના જુદાં જુદાં વિસ્તારો ઉત્તર ગુજરાત દંઢાવ્ય દેશ, ઈડર દેશ, કટોસણ, સાદરા તથા લુણાવાડા (મુખ્યત્વે બાલાશિનોર), બનાસકાંઠા પ્રાંત, તથા મૂળી દેશમાંથી યુવક મંડળોએ આવી કુલ ૪૦૦૦ જેટલા સ્વયંસેવકોએ ૨૧ જેટલી સમિતિ નીચે ૩૫ અલગ અલગ વિભાગમાં ખડે પગે સેવા બજાવી હતી. તેઓ માટે બે કોમર્શિયલ કોમ્પ્લેક્ષની ઉતારા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. બહારગામના હરિભક્તો માટે ૨૦૦૦ જેટલા એપાર્ટમેન્ટ બુક કરીને તથા સ્થળ પર ૩ મોટા ડોમ ફાળવીને ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિદેશથી પધારેલા ૨૫૦૦ જેટલા NRI ભક્તજનોના ઉતારા માટે સાત જેટલી મોટી હોટેલો સંપૂર્ણપણે બુક કરવામાં આવી હતી.











# પર્વ ઉત્સવ સ્થળ પરના વિવિધ પ્રકલ્પો

**પર્વ ઉત્સવ સ્થળ પરના વિવિધ પ્રકલ્પો :** જેમ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિ સર્વ જીવ હિતાવહ મનુષ્યમાત્ર આલોકમાં દરેક રીતે સુખી થાય અને દેહ છોડ્યે પણ ભગવાનના ધામને પામે તેવી હર હંમેશ રહેતી અને તે માટે સદાય પ્રયત્નશીલ રહેતા તેવી જ રીતે તે ભગવાનની જગ્યાએ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનની ધર્મધુરા સંભાળતા આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્યશ્રી લાલજી મહારાજશ્રીની દૃષ્ટિ પણ હંમેશ માટે જગતના દરેક લોકોની સુખાકારી માટે રહેતી હોય છે. તેવા હેતુથી તેને અનુરૂપ વિવિધ પ્રકલ્પો ૧૩૦ વિઘાના વિશાળ ગ્રાઉન્ડ પર ઉભા કર્યા હતા. ગ્રાઉન્ડની દરેક રોડ તરફની બાઈન્ડ્રીને હેન્ડમેડ કલાત્મક ડિઝાઈન વાળા પડદા તથા **પર્વ**ના લોગો વાળી ધજાઓ ફરકાવીને સુશોભિત કરવામાં આવી હતી. અદ્યતન ટેકનોલોજી **V R Show** અને ગ્રામ્ય સંસ્કૃતિ કલાપ ગામને બાજુ બાજુમાં રાખી બન્ને પ્રવાહની સુભગ સમન્વય કરવામાં આવ્યો હતો. દરેક પ્રકલ્પ મધ્યે શ્રી નરનારાયણદેવ તથા ભગવાનની ભક્તિ અને **પર્વ**ને કેન્દ્ર સ્થાને રાખેલ છે. તો આવો કરીએ વિહંગાવલોકન...

**૧ મુખ્ય દરવાજો :** કાલુપુર મંદિરના દરવાજાની આબેહુબ પ્રતિકૃતિ રૂપ આ દરવાજો બનાવવામાં આવ્યો હતો. મંદિરની જેમ વચ્ચે એક મુખ્ય પેસેજ અને બન્ને બાજુ માઈનર એક એક પેસેજ મળી કુલ ત્રણ પેસેજનો દરવાજો ગેટ નં. ૧, તેમજ મેઈન હાઈવે તરફ ગેટ નં. ૨ અને ૩ મળી કુલ ત્રણ દરવાજા મુખ્ય દરવાજા બહાર સર્વજીવ હિતાવહ શિક્ષાપત્રીના બે શ્લોકો લખેલા હતા. દરવાજામાંથી કોઈપણ વાહન અંદર ગ્રાઉન્ડમાં પ્રવેશ ન કરે તે હેતુથી દરવાજા બહાર પથ્થર પાથરીને સ્ટેપ બનાવવામાં આવ્યા હતા.





વાહનો બધા દરવાજાની બહાર પાર્કિંગમાં મુખ્ય દરવાજેથી અંદર પ્રવેશ કરીએ એટલે નદી તથા દરિયાકિનારા જેવી રેતી અને નાના પથ્થર હોય છે તેવી રેતી અને પથ્થર પાથરેલો રસ્તો અને તેની બન્ને બાજુ ઘાસ તથા છોડની ગ્રીનરી, મોટા પથ્થરો તથા હસ્તકલાથી ચિત્રામણ કરેલી શુભ ચિન્હો યુક્ત માટીની મોટી કોઠીઓ આ ચિત્રકલાનો જશ બહેનોને ફાળે જાય છે.

**૨ મંદિર :** દરવાજામાં પ્રવેશ કરીને સૌ પ્રથમ મંદિરનું દર્શન કરી લઈએ. મંદિરમાં ભરતખંડના અધિષ્ઠાતા દેવ અને જે દેવના ૨૦૦ વર્ષ નિમિત્તે **પર્વ** ઉજવાઈ રહ્યો છે એવા ભગવાન શ્રી નરનારાયણ દર્શન આપી રહ્યા છે. દેશી નળિયાવાળી કુટિર મંદિરની બહાર ફરતે ત્રણ બાજુ ગ્રીનરી, આગળ પથ્થરો ગોઠવીને બનાવેલા પગથિયા, મંદિરની પાછળ નાના મોટા પથ્થર, હિમાલયની ઉંચાઈ અને ગ્રાઉન્ડ પર કેન્દ્ર સ્થાને વળી આબેહૂબ કાલુપુર મંદિરના રંગમહોલની પ્રતિકૃતિ એવા અનોખા આ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવનું દર્શન ભાવિક જનો અખંડ કરતા રહ્યા અને એ જ ભગવાન **પર્વ** સ્વરૂપે થઈને **પર્વ**ના પરિસરમાં પ્રવેશ કરનાર હરકોઈ મનુષ્યને દિવ્ય સુખ આપતા રહ્યા. કેટલાક કમ ભાગી જીવાત્માઓ પરિસરમાં ભક્તજનોની ભીડો જોઈને બહારથી જ પાછા વળી ગયા. કારણ કે એમને બિચારાઓને જ્ઞાન ન હોય કે ખરી મઝા સત્સંગના ભીડામાં રહેવામાં જ છે...

**૩ મહામારી શમન યજ્ઞ (યજ્ઞશાળા) :** ૨૦૦ X ૨૦૦ ફૂટના ક્ષેત્રફળમાં એક મુખ્ય યજ્ઞકુંડ સાથે કુલ ૨૩૮ યજ્ઞકુંડ, ફરતી ગ્રીનરી, ફરતા ઉજાસ અને શોભા માટે લટકાવેલા ફાનસ દરેક ફાનસમાં LED લેમ્પ ફીટ કરવામાં આવ્યા હતા. વાંસની પટીઓમાંથી બનાવેલ ઋષિ સંસ્કૃતિની વૈદિક પરંપરાનુંસાર બનાવેલ આ યજ્ઞશાળાની છત અગિયાર સ્ટેપ વાળી ૭ ફુટ ઉંચી અને શિખર ઉપર ધજા, ધૂમાડાનું સંપૂર્ણપણે નિકાસ ન થાય એવી ડિઝાઈન યુક્ત અને ૪ પ્રવેશ દ્વાર વાળી આ યજ્ઞશાળામાં લીંપણ કરવામાં તેમજ ઈંટો માટીની સેવામાં બહેનો-ભાઈઓએ ખૂબ લાભ લીધો.

યજ્ઞથી જ હવા શુધ્ધ થઈ મહામારી શમન થાય છે. ભગવાન તથા દેવો રાજી થાય છે. વરસાદ પણ યજ્ઞથી જ પૂરતા પ્રમાણમાં વરસે છે તેથી જીવ પ્રાણી માત્ર સુખી થાય છે. શ્રીજી મહારાજે ખૂબ પ્રવતાવેલી યજ્ઞની એજ પરંપરા....

**૪ કલાપ ગામ :** પુરાતન ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી કરાવતું હિમાલયમાં



બદરીવનની સમીપે રહેલું જ્યાં તનુ નામના ઋષિએ તપ કરેલું છે એવા કલાપ નામના ગામનું દર્શન અદ્‌ભુત છે. અવિસ્મરણીય છે. ગામમાં પ્રવેશ અને બાર નીકળવાનો એમ બે દ્વારનો દરવાજો છે. જેમાં દરેક જગ્યાએ માટીનું લીંપણ છે. તે પર હસ્તકલાની ડિઝાઈન ચિત્રામણ કરેલી છે. ઉપર ફરતા ફાનસ લટકે છે. દેશી ભરત ભરેલું તોરણ શોભા આપે છે. ઉપર પરાળની બનાવેલી છત છે. ગામની ભાગોળ છે. દરવાજા બહાર ભાગોળની બાજુમાં એક વાડી અને હરિયાળું ખેતર છે. જેમાં લીલીછમ જાર ઉગેલી છે. વાડીમાં પાણી વાળો કૂવો છે. કૂવામાંથી પાણી સીંચવા માટે ગરગડી અને ડોલ છે. તેમજ ખેતરમાં પિયત માટે પાણી સીંચવા બે બળદ જોડેલો એક કોસ છે. કૂવાની બાજુમાં ગાયને તેની વાછરડી ધાવી રહી છે. જૂના જમાનાનું મોટા વ્હીલ વાળું, વ્હીલની ફરતે લોખંડની પાટો જડેલું ગાડું છોડેલું પડ્યું છે. એક બળદ છૂટો ચરે છે. બળદ તથા ગાયની જો કે પ્રતિકૃતિ છે. પરંતુ વાસ્તવિક જણાય છે. વાડીની જમણી બાજુ વાસ્તવિક ગીર ગાયો સાથેની ગૌ-શાળા છે. જેમાં ૫ મોટી ગાયો, ૨ નાની ઓડકી તથા ૧ નાની વાછરડી દર્શન આપે છે. ગાયો ખૂબ તંદુરસ્ત અને પુષ્ટ છે. કારણ કે ગ્રામ્ય સંસ્કૃતિની આ ગાયોને લીલો ઘાસચારો પૂરતા પ્રમાણમાં મળે છે. શહેરમાં ગાયોની શું દશા છે એ આપણે જાણીએ છીએ!

ગૌશાળાની બાજુમાં એક કુંભારનું ખુલ્લું ઘર છે. નાના પ્રકારના માટીના વાસ્તવિક વાસણો બનાવે છે. શહેરના બાળકોને જ્ઞાન થાય કે માટીના વાસણો



કેવી રીતે બને છે ! માટલાનું ઠંડુ પાણી અને ફ્રીજનું ઠંડુ પાણી પરંતુ પાણીના ગુણમાં બહુ ફેર પડી જાય છે.

ગામના દરવાજામાં પ્રવેશતા જ એક નાના મંદિરમાં શ્રીકષ્ટ ભંજનદેવ









હનુમાનજી દર્શન આપે છે. ગામની વચ્ચે ચોરો છે. જે ચોરા ઉપર બેસીને ગ્રામવાર્તા થતી નથી કારણ કે સર્વત્ર **પર્વ હી પર્વ** હૈ. તેથી ખૂબ ભાવિક મારવાડી ભક્તજનોએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂનની નાચગાન સાથે ધૂમ મચાવી છે. શ્રીહરિને જેમ ભજન વહાલું તેમ તેમના અપર સ્વરૂપ એવા આપણા ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને પણ ભજન વહાલું તેથી તેઓશ્રી પણ એક દિવસ આ ભજન મંડળીની વચ્ચે ગાદી વિના નીચે બેસીને ધૂન કરવા લાગ્યા. ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી, ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી.... ચોરાની બાજુમાં એક ગણપતિની મૂર્તિ પધરાવેલી છે.

ગામમાં ૬ થી ૭ ગારમાટીના નાના કાચા ઘર છે. વચ્ચેના એક મકાનના ઓરડામાં હરિમંદિર છે. સુખ શૈયામાં શ્રીહરિની પ્રસાદીની ચાખડીઓ દર્શન આપે છે. તે મકાનને નળિયા છે. તો અન્ય મકાનની છત પરાળથી બનાવેલી છે. ઘર કરતાં મંદિર વધારે સુવિધાયુક્ત હોવું જોઈએ એ વિચાર સરણીનું અહીં દર્શન થાય છે. છતની નીચે ફાનસ લટકાવેલા છે. ઘરની દિવાલ પર હસ્તકલા ડિઝાઈન છે. દરેક ઘરની ઓસરીમાં વ્હાણ ભરેલા ખાટલા ઢાળેલા છે. તે ખાટલાઓ પર કાઠિયાવાડી પોશાક (ચોરણી, કેડિયું તથા માથે કાઠિયાવાડી પાઘડી કે ફાળિયું) પહેરેલા ખૂડેતો બેઠા છે. અને અતિથિઓ (અહીં દર્શનાર્થીઓ)ને મીઠો આવકારો આપે છે. ઘર વખરીમાં ચુલા, તાવડી, ખાંડણિયો, ધાતુના વાસણો વગેરે.... સમગ્ર ગામમાં ઘરોની બાજુમાં પાર્ક કરેલા ગાડા તથા એક માફા વાળું ગાડું છે. ગામમાં અન્ય પરાળની છત વાળા ૨-૩ નાના કુબાઓ પણ છે. પક્ષીઓને ચણ ચણવા માટે ચબુતરા છે. પાણીની પરબ છે.

**(૫) શ્રીનગર વાસ્તવિક દર્શન :** શ્રીનગર કહેતા અમદાવાદમાં ૫૦ જેટલા શ્રીહરિના પ્રસાદીના સ્થળો આવેલા છે. જે પૈકી કેટલાક પસંદ કરેલા પ્રસાદીના સ્થળોનું એક મોટા ડોમમાં ખોડિયાર કેડ સેન્ટર દ્વારા **3D 360 V**





ડિગ્રી ફિલ્મ પદ્ધતિથી **Vertual Reality SHow** થી દર્શન કરાવવામાં આવતું હતું. દર્શનાર્થીઓના શિર પર **Head Mounted Display** પહેરાવી દે અને પછી શો ચાલુ કરે એટલે એક પછી એક પ્રસાદીના સ્થળોનું આપણી દ્રષ્ટિથી સામે બિલકુલ નજીક અને વાસ્તવિક હોય એવું દર્શન થાય. **360** ડિગ્રી સાથે સામે, આજુ બાજુ અને ઉપર નીચે એમ ચારે બાજુ દર્શન થઈ શકે. આ આધુનિક વિજ્ઞાનની કમાલનો લાભ આપણને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ્રસાદીના સ્થળોનું દર્શન કરાવવા અપાવ્યો.

**(૬) શ્રી નરનારાયણદેવ ગાથા :** અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણ શ્રી નરનારાયણ સ્વરરૂપે સૌ પ્રથમ વરાહ કલ્પના



સ્વયંભુ નામના પ્રથમ મનુના પ્રથમયુગમાં પ્રગટ થયા હતા એ જ ભગવાન ફરીથી વૈવસ્વત નામના મન્વંતરમાં સત્યયુગમાં પ્રભવ નામનું સંવત્સર હતું ત્યારે ફાગણ માસની પૂર્ણિમાને દિવસે ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં સાબર ગંગાના કિનારે શ્રીનગરમાં નારાયણઘાટ નામના સ્થળે પ્રગટ થયા અને એ જ નરનારાયણ ભગવાન કળિયુગમાં સં. ૧૮૩૭ માં ધર્મભક્તિ થકી સ્વામિનારાયણ નામથી પ્રગટ થયા એ જ ભગવાને સં. ૧૮૭૮ માં અમદાવાદમાં પોતાનું જ સ્વરૂપ શ્રી નરનારાયણ ભગવાન પધરાવ્યા અને સં. ૧૮૮૨ માં ધર્મકુળમાં કહેતા પોતાના જ કુળમાં આચાર્ય પદનું સ્થાપન કર્યું. આચાર્ય પરંપરાની એ ગંગોત્રી વર્તમાન કાળે ચાલું છે અને અનંતકાળ સુધી ચાલું રહેશે. આ સમગ્ર ગાથાનું એક મોટા થિયેટર રૂપી ડોમમાં વિશાળ સ્ક્રીન પર નિરંતર દર્શન કરાવવામાં આવતું હતું.

આ ગંગોત્રીમાં અમદાવાદ ગાદીના વિદ્યમાન શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું સભા મંડપના સ્ટેજ પર દરરોજ પ્રત્યક્ષ દર્શન થતું હતું. ઉપરના બન્ને પ્રકલ્પમાં દર્શન કરવા માટે દરરોજ દર્શનાર્થીઓની ખૂબ લાંબી લાઈન રહી હતી.



**(૭) ગ્રંથસૂચિ કેન્દ્ર :** પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી **પર્વ**ના ઉપલક્ષમાં સૌ ભક્તજનોએ એક વર્ષ પહેલાથી જે ભક્તિ સંબંધી નિયમો લીધા હતા તો પૈકી ઉત્સાવ પૂરો થયો ત્યાં સુધીમાં ભકતજનોએ ૧,૧૦,૮૮,૦૦,૦૦૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું લેખન કર્યુ હતું. આ વિશાળ ડોમમાં મહામંત્ર લખેલી ૧,૦૦,૦૫૫ નોટબુકોનો ગંજ અને તેના ઉપર શ્રીહરિની બે મૂર્તિ આગળ પાછળ દર્શન આપતી હતી. જે મૂર્તિના દિવ્ય





સ્વરૂપમાં અમદાવાદ મંદિરના મહંત પૂ. શા. સ્વામી નિર્ગુણદાસજીએ પોતાના હાથે શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રકરણ-૪ અને ૫ ના ૩૫૪૭ સંસ્કૃત શ્લોકો લખેલા છે. તદ્‌પરાંત શ્રીમદ્ ભાગવતના સંસ્કૃત શ્લોકો લખેલી પોથીઓ લાલ કપડામાં બાંધીને રાખવામાં આવી હતી.

નોટ બુકોના ગંજની ફરતે ચારેય બાજુ ભક્તજનોમાં શાસ્ત્રવાંચનનો રસ કેળવાય તેવા શુભ હેતુથી સાંપ્રદાયિક શાસ્ત્રો તથા હિન્દુ ધર્મના વેદ અને વેદ આધારિત સનાતન શાસ્ત્રો સ્ટેન્ડો બનાવીને ડિસ્પ્લેથી વ્યવસ્થિત ગોઠવ્યા હતા. ચારેય બાજુ દિવાલ પર અમદાવાદ દેશની આચાર્ય પરંપરાની યશોગાથા જેમાં ખાસ કરીને વિદ્યમાન શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોની યશોગાથાના ફોટા ગોઠવ્યા હતા જેનાથી દરેક દર્શનાર્થીને શ્રીહરિ સ્થાપિત આચાર્ય પદની મહત્તા અને ગૌરવ થઈ શકે. દિવાલ પર કેન્દ્ર સ્થાને અંગ્રેજ સરકારે કાલુપુર મંદિર માટે અર્પણ કરેલી જમીનનો સં. ૧૮૭૬ માં લખેલો કલેકટર જોન એ ડનલોપની સહી વાળો દસ્તાવેજી કાગળ દર્શન માટે મુક્યો હતો. જે હવે પછી મ્યુઝિયમમાં દર્શન અર્થે મૂકવામાં આવશે. લેખન તથા વાંચન માટે વાંસમાંથી બનાવેલા સુંદર બાકડા મૂક્યા હતા. જેનો સૌએ લાભ લીધો અને **પર્વ**ના સમાપન પછી મંત્ર લેખન માટે કોરી નોટો ઘેર પણ લઈ ગયા હતા.

(૮) **સભામંડપ** : લલ્લુજી એન્ડ સન્સ કં. દ્વારા નિર્મિત સમગ્ર સભા



મંડપમાં વચ્ચે એક પણ થાંભલાનો ટેકો નહોતો. મુખ્ય પ્રવેશમાં ૩ દ્વાર અને બન્ને બાજુ ૪-૪ મળી ૧૧ દ્વારવાળા આ વિશાળ સભામંડપમાં લાખો ભક્તજનોએ ભગવાનની કથા સાંભળીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું. મુખ્ય પ્રવેશ દ્વારની ઉપર સંપૂર્ણપણે કાલુપુર મંદિરની ઐતિહાસિક હવેલીની



પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. ૨૦૦ x ૮૦ ફૂટ ના સુશોભિત સ્ટેજની સામેની દિવાલ પર વચ્ચે **પર્વ**નો લોગો, તેની એક બાજુ શ્રી નરનારાયણદેવ અને બીજી બાજુ કાલુપુર મંદિરની પ્રતિકૃતિનું દર્શન થતું હતું. સમગ્ર કાર્યક્રમના સરળતાથી દર્શન માટે ૬ મોટી LED સ્ક્રીન મૂકી હતી તથા શીતળ પવન માટે વચ્ચે ખૂબ મોટા સીલીંગ ફેન મૂકેલા હતા.

**(૯) ધર્મકુળ તથા આમંત્રિત મહેમાનોની બેઠક :** સભા મંડપના સ્ટેજથી જમણી બાજુના ભાગમાં પેસેજની એક બાજુ ખૂબ ગ્રીનરી આદિક સુશોભન કરી ૧૫૫ x ૧૫૫ x ૮૨ ફૂટના ક્ષેત્રફળમાં પ.પૂ. મહારાજશ્રીના આચાર્યપદની ગરિમાને અનુરૂપ બેઠકનું નિર્માણ કર્યું હતું. પ.પૂ. ગાદીવાળાશ્રીને સંપ્રદાયની મર્યાદાનુંસાર કથા સાંભળવા માટે સુંદર બેઠક કરી હતી.












**(૧૦) ભોજન શાળા :** ભજન અને ભોજન એ આપણા સંપ્રદાયની વિશિષ્ટતા છે. સંતો, યજમાનો અને જનરલ મળીને કુલ ૮ કક્ષ મોટા ડોમ સ્વરૂપે બનાવવામાં આવ્યા હતા. જેમાં જરનલ કક્ષનું ક્ષેત્રફળ ૩૦૦ x ૯૦ ફૂટનું હતું. પીરસે લાડુ રે જલેબી ઘનશ્યામ, જણસ જમ્યાની રે લઈ લઈ તેના નામ.... એ ન્યાયે બપોરની રસોઈમાં બબ્બે મિષ્ઠાન તથા સવાર-સાંજ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ક્રમશઃ નાસ્તો અને વાળુ પ્રસાદી સ્વરૂપે પીરસાતું





રહ્યું રોજના સરેરાશ ત્રણ લાખ ભક્તજનોએ ભગવાનનો પ્રસાદ આરોગ્યો અને ભજન કર્યું.

**(૧૧) જ્યુસ સેન્ટર :** બપોરના ૨-૦૦ થી ૪-૦૦ કલાક પર્યંત પ.ભ. માધવજી શામજી ભુડિયા પરિવાર ભુજ હાલમાં માંચેસ્ટર યુકેના યજમાનપદે સર્વે ભક્તજનોને પવિત્રપણે કાઢેલો શેરડીનો તાજો ઠંડો રસ પર્યાપ્ત માત્રામાં પીરસવામાં આવતો હતો. સાથે સાથે પર્યાય સ્વરૂપે લીંબુનું સરબત તથા લીલી દ્રાક્ષ પીરસવામાં આવતી હતી.

જ્યુસ સેન્ટરની બાજુમાં ચંચળબા સેવા કેન્દ્ર ગામડીવાળાએ **પર્વ**ની શોભામાં અભિવૃધ્ધિ કરવા એક નાની ગાડી રાખી હતી. જેમાં આગળ શ્રી નરનારાયણદેવ તથા મુખ્ય સીટમાં એક બાળકને શ્રીનીલકંઠવર્ણીનું સ્વરૂપ ધારણ કરાવીને બેસાડ્યો હતો.

**(૧૨) હસ્તકલા અને પ્રાકૃતિક પદાર્થ :** છેલ્લા ઘણા વર્ષોથી ખૂડેતો જે પ્રકારે જમીનમાં રાસાયણિક ખાતર અને અનાજ, કઠોળ તથા શાકભાજી અને ફળોના છોડના છોડ વૃક્ષ વેલી પર જે જંતુનાશક વિલાયતી દવાઓનો છંટકાવ કરીને તેમજ ફળોને જલ્દી પકવવા માટે જે કેમિકલનો ઉપયોગ કરી રહ્યા છે. તેનાથી ધરતી રસહીન તથા ખાદ્યપદાર્થો ઝેરી બની રહ્યા છે. અને તેનું દુષ્પરિણામ કેન્સર જેવા અનેક ગંભીર રોગોથી માનવ જાત પીડાઈ રહી છે. તેમાંથી બહાર નીકળીને માણસો સુખી થાય, શહેરજનો પણ ગ્રામ્ય સંસ્કૃતિ તરફ પાછા વળે, ખેડૂતો ગાય આધારિત ઓર્ગેનિક ખેતી તરફ વાછા વળે અને દરેક મનુષ્યને શુધ્ધ હવા પાણી અને ખાદ્ય પદાર્થો મળી રહે તથા હેન્ડીક્રાફટ જેવા ગૃહઉદ્યોગથી સ્વરોજગારી વધે, ઉત્પાદન કર્તાને અને ઉપભોગ કરનાર એમ બન્નેનો લાભ થાય અનો જનસમાજમાં જાગૃતિ આવે તેવા શુભ હેતુથી આ પ્રકલ્પમાં વિવિધ એજન્સીઓને પોતાના પ્રાકૃતિક પદાર્થો વેચવાની પરવાનગી આપી હતી.

**પર્વ**ની સદાય સ્મૃતિ રહે તેવા હેતુથી સ્મૃતિ ચિન્હ (સ્મારિકા) કેન્દ્રમાં **પર્વ** લખેલી વિવિધ નાના પ્રકારની વસ્તુઓ મળતી હતી અન્ય વિવિધ સ્ટોરમાં હેન્ડમેડ વિવિધ જીવન જરૂરિયાતની વસ્તુઓ વિવિધ ડિઝાઈન તથા કલરમાં આકર્ષક દિવાલ ઘડિયાળો, જ્વેલરી, એન્ટીક વસ્તુઓ, ગૃહ સુશોભનની વસ્તુઓ, પૂજામાં ઉપયોગી વિવિધ વસ્તુઓ, માટીમાંથી બનાવેલી વસ્તુઓ, હેન્ડીક્રાફટની વસ્તુઓ, બહેનો-ભાઈઓના ગામડી ભરતના વસ્ત્રો, વિવિધ એમ્બ્રોઈડરી હેન્ડ પ્રોડકટ, વિટામીન યુક્ત એપ્રુવ્ડ વિવિધ ઈન્સટન્ટ જ્યુસ, હેલ્થ, એગ્રીકલ્ચર અને કોસ્મેટીક પ્રોડકટ, ગાય આધારિત તથા ઋષિ પ્રેરિત પ્રાકૃતિક ઓર્ગેનિક ખેતી દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટસ, આયુર્વેદિક વનસ્પતિજન્ય ઔષધો, કોઈ પણ પ્રકારના પ્રોસેસીંગ વગરનું અજમો, વરીયાળી, બાવળ વગેરેનું વિવિધ મધ, ચામડીને નુકશાન ન કરે તેવા વિવિધ સાબુ, વિવિધ ઔષધિક વનસ્પતિજન્ય તેલ વગેરે વસ્તુઓ મળતી હતી. સાંપ્રદાયિક સાહિત્ય સ્ટોર તથા **શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય** આ

પ્રકલ્પમાં રાખવામાં આવ્યું હતું. **સૌજન્ય ભેટથી આજીવન લવાજમ રૂા. ૫૦૦/- ને બદલે રૂા. ૩૦૦/- થી ઘણા નવા સભ્યો નોંધાયા હતા.** એક વિભાગમાં શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે પંચ પ્રકલ્પ યોજનાનું સાહિત્ય તથા જ્ઞાન આપવામાં આવતું હતું. પંચ પ્રકલ્પના કોરોના અટકાવ, પર્યાવરણ, સ્વચ્છતા, જળસંચય, ગૌ આધારિત ખેતી, નશાબંધી કુરિવાજ નિવારણ અને ફીટ ઈન્ડીયાનો સમાવેશ થાય છે. આ પ્રકલ્પમાં મુલાકાતીઓનો ખૂબ જ ઘસારો રહ્યો હતો.

**(૧૩) અંગ પ્રત્યારોપણ ચેતના અને પ્રાથમિક ઉપચાર કેન્દ્ર :** શ્રીહરિએ શિક્ષાપત્રીમાં લખેલા શ્લોક રોગી મનુષ્યોની સેવાના ભાગરૂપે **પર્વ**ના આ આરોગ્ય કેન્દ્રમાં યુવા કાર્યકર મનેશ પટેલ, ડૉ. સમીર પટેલ, ડૉ. હિરેન પટેલ, ડૉ. વાલુ સાહેબ, સચિનભાઈ પટેલ, આદિકની સેવાથી નીચે મુજબની આરોગ્ય વિષયક સેવા થઈ હતી.

(૧) રક્તદાન ૧૧૯૨ બ્લડ બેગ્સ જેમાં સંતોએ પણ રક્તદાન કર્યું હતું. (૨) પોલીયો ૩૦૯ બાળકોને પીવડાવ્યો. (૩) ઓર્ગન ડોનેશન (મૃત્યુ બાદ શરીરના અંગોનું દાન) પ્રતિજ્ઞાપત્રો ૭૦૦ ભરાયા. જેમાં પૂ. શ્રીરાજાનો પણ સમાવેશ થાય છે. (૪) જનરલ OPD ૧૫૦૨ દર્દીઓનું નિદાન તથા નિઃશુલ્ક દવાઓ. (૫) ઈમરજન્સી કેસ ૨૨ એમ્બ્યુલન્સ સેવા તથા દવા. (૬) ઓર્થોપેડીક દર્દીઓની તપાસ ૬૭૭. રક્દાન IKRDS કિડની હોસ્પિટલ, અમદાવાદના દર્દીઓના લાભાર્થે થયું હતું.

**પર્વ**ને માણીને, ધર્મકુળનું દર્શન કરીને તથા વાણી સાંભળીને ઘણા ભ્રમિત થયેલા લોકોના ખોટા ખ્યાલો દૂર થઈને શ્રીનરનારાયણદેવની નિષ્ઠા દ્રઢ થઈ. સંપ્રદાયના સાચા સિદ્ધાંતો તથા હાર્દ સમજાયું. ઘણાના વ્યસનો વગર ઉપદેશે દૂર થયા છે. ઘણાને પોતાનામાં રહેલી આગવી કળાને વ્યક્ત કરી શ્રીહરિ તથા ધર્મકુળ તેમજ સંતો, ભક્તોને રાજી કરવાનો એક સુંદર અવસર







સ્ટોર રૂમ





હસ્તકલા અને પ્રાકૃતિક પદાર્થ વિતરણ



ઉતારા વિભાગ



અંગ પ્રત્યારોપણ અને પ્રાથમિક ઉપચાર કેન્દ્ર

# “પર્વ” શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃત વચનો



**પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૨૭-૦૨-૨૦૨૨ :** દેશ વિદેશથી તથા દૂર-સદૂર ગામોથી પધારેલા સર્વે ભાવિક ભક્તજનોનું તથા મહેમાનોનું ભાવથી સ્વાગત છે. શ્રી નરનારાયણદેવની સ્થાપનાના ૨૦૦ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે મૂળ ગાદીના અને સાંપ્રદાયની સ્થાપનાના પણ ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણા જીવન કાળમાં આ મહામહોત્સવ ઉજવાઈ રહ્યો છે. **પર્વ** એ માત્ર અને માત્ર નરનારાયણદેવ માટે ઉજવાઈ રહ્યો છે. અને એના માટે જ આપણે સૌ ભેગા થયા છીએ. આપણા સૌ માટે નરનારાયણદેવને રાજી કરવાનો આ પ્રસંગ છે. મિટિંગમાં વાત થયેલી કે આ સભામંડપ નાનો પડશે અને પહેલા દિવસે જ સૌ એટલા ભાવથી પધાર્યા છે કે વાસ્તવમાં સભામંડપ નાનો પડ્યો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી તથા રાજ્યપાલશ્રી પધાર્યા છે. આપણે સૌ સાત દિવસ સુધી ખૂબ આનંદથી **પર્વ** ને માણીએ. આપણે કોઈ **પર્વ**માં મહેમાન તરીકે નથી આવ્યા. પરંતુ **પર્વ**ના એક સદસ્ય તરીકે આવ્યા છીએ. છેલ્લા ૩૦ દિવસથી તૈયારી ચાલતી હતી. અઠવાડિયામાં ૨-૩ વાર મિટિંગ થતી હતી ત્યારે બધાના મનમાં એક જ વસ્તુ હતી કે આ ઉત્સવ નરનારાયણદેવનો છે અને નરનારાયણદેવ જ એ ઉત્સવને સફળતા સાથે પૂર્ણ કરશે એ ભાવના દરેકના હૃદયમાં હતી અને એ ભાવના સાથે અમે આગળ વધ્યા અને આજે અમારી એ ભાવના મૂર્તરૂપે સફળ થઈ રહી છે. માટે સાત દિવસ સુધી અનેકવિધ કાર્યક્રમો થવાના છે. તેનો સૌ લાભ લેજો અને જીવનું રૂડું કરજો. **પર્વ**ના માધ્યમથી આપણા સૌના જીવનમાં નરનારાયણદેવની નિષ્ઠા ને શ્રધ્ધા દિવસેને દિવસે વધતી રહે એ જ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૭-૦૨-૨૦૨૨ :** જ્યારે જ્યારે કોઈ મોટું કાર્ય કરવું હોય ત્યારે ધર્મસતા અને રાજ્યસત્તાનો સૂમેળ થાય અને ભેગા મળે તો ખૂબ મોટું કાર્ય સફળતા સાથે સુંદર રીતે થતું હોય છે. મહારાજને જ્યારે મંદિરનો સંકલ્પ થયો ત્યારે એ સમયની રાજ્યસત્તા



અંગ્રેજ સલ્તનતે મહારાજને સામે ચાલીને કહ્યું કે આપ અમદાવાદમાં મંદિર કરો અને એ માટે જેટલી જમીન પસંદ કરો એટલી જમીન તમારી. અંગ્રેજો શ્રીજી મહારાજનો મહિમા તો સમજતા જ હતા પરંતુ સાથે સાથે તેઓને સ્વાર્થ પણ હતો. તેઓ જાણતા હતા કે જ્યાં સ્વામિનારાયણ સંપ્રદાય હોય છે ત્યાં કાયદાનું પાલન કરાવવાનું બહુ સરળ પડે છે. ક્રાઈમ રેટ (ગુનાનું પ્રમાણ) બહુ ઓછો રહેતો હોય છે. એટલે મંદિર થાય એ એમના માટે પણ ઈચ્છનીય હતું.

ખૂબ ટૂંકા સમયમાં આ સર્જન થયું છે તે માટે લાલજી મહારાજશ્રીની સાથે રહીને સંતો-ભક્તોએ અથાગ મહેનત કરી છે. કોઈને કહેવું પડ્યું નથી. કારણ કે દરેકના હૃદયમાં નરનારાયણદેવ વસ્યા છે. વિદેશથી પણ છેલ્લી ઘડીએ ખૂબ હરિભક્તો આવી ગયા છે.

એક પ્રસંગ મને યાદ આવે છે. અગાઉ કહેલો છે, ફરી કહું છું. જ્યારે ૫-૭ વર્ષનો હતો ત્યારે ઘોડાગાડીમાં સ્કૂલે જતો સાથે સાફો બાંધેલા પાર્ષદો હોય એટલે રજવાડાનો એ જમાનો હતો તેથી ઘણા પૂછે કે અલ્યા તું ક્યાંનો રાજા? મનમાં થતું કે રાજા તો છું નહી પરંતુ પછી જવાબ આપી દેતો કે હું છપૈયાનો રાજા છું. ''છપૈયા ક્યાં આવ્યું?'' છપૈયા દરેક સત્સંગીના હૃદયમાં છે.'' રાજ્ય સત્તાઓ તો ઘણી જતી રહી પરંતુ **અમારું સ્થાન સત્સંગીઓના હૃદયમાં અનંતકાળથી ચાલ્યું આવ્યું છે અને રહેશે.**

જીવનમાં એક જ વાર આ પ્રસંગ આવ્યો છે એટલે તેના વિશે બોલવા કરતા અનુભવીને આનંદ માણવાનો આ અવસર છે. સૌને ખૂબ ધન્યવાદ અને આશીર્વાદ સાથે વિરમું છું.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૨૭-૦૨-૨૦૨૨ :** સબ સે પહલે તો મહામહિમ દેવવ્રતજી હમારે બીચ પધારે હૈ, આનંદ હુઆ। ઓર્ગેનિક કૃષિ બારે મેં આપ કે પાસ જો જ્ઞાન હૈ ઉસકે બારે મેં બાત નહી હો સકતી। તેઓ માને છે કે દરેક કામ ખૂબ સામાન્ય રીતે અને



સરળતાથી થઈ શકે છે. અમે પણ એમ જ માનીએ છીએ. તમે આવી ટીમ મોકલી છે. આપણે ભવિષ્યમાં સાથે ભેગા મળી દરેક વ્યક્તિ સુધી ઓર્ગેનિક ખેતીનો સંદેશ પહોંચાડીશું. ભુપેન્દ્રભાઈ અમારા પડોશી છે. અને બહુ સરળ છે. નરહરિભાઈ (સાંસદ)ના ઘરે હું ગયો હતો અને બ્લુ કલરના સોફા પર બેઠો હતો એ મને યાદ છે.

હવે અહીં જે ભક્તજનો બેઠા છે એ માત્ર બેસવા માટે નથી આવ્યા. ભાઈઓએ ભેગા મળી અહીં સેવા કરી છે. સંતોએ પણ સેવા કરી છે. એ તેઓનો ત્યાગ છે. વૈરાગ્ય છે મારી દ્રષ્ટિએ સત્ય એ છે કે અહીં બેઠેલા સૌ ગૃહસ્થ હોવા છતાં સાચા સંત છે. પહેલાના જમાનામાં તીર્થાટન કરવું બહુ કઠિન હતું. જીવનમાં એકાદ વાર લોકો તીર્થાટન કરતા ગંગાપૂજન કરે, ગંગામાં સ્નાન કરે. એક સમયે ગંગા કિનારે એક ભાઈ એક મહાત્માને મળ્યા, મનમાં જિજ્ઞાસા થઈ એટલે પૂછ્યું કે શું ગંગા સ્નાન કરીએ એટલે ખરેખર પાપ ધોવાઈ જાય ? આ પ્રશ્ન આપણને પણ સ્પર્શે છે. એટલે અહીં કહું છું. મહાત્માએ જવાબ આપ્યો. તમે ગંગા સ્નાન કરો એ પહેલા તમારી પાસે જે વસ્ત્ર પૈસા ઘરેણા આદિક જે હોય તે પોટલી બાંધીને કિનારે મૂકો છો. સ્નાન



કર્યા પછી એ બધું ફરી પહેરી લો છો. લઈ જાઓ છો. તો પાપ કેવી રીતે ધોવાય ? તમારા હૃદયમાં રહેલા માયારૂપી કિચડ ને અહીં છોડીને ગંગાનું પવિત્ર જળ હૃદયમાં ધારણ કરીને લઈ જાવ તો પાપથી છૂટી જવાય ! **એમ આપ સૌ પર્વમાં આવ્યા છો તો પર્વને નરનારાયણ ભગવાનને હૃદયમાં દિલમાં રાખીને લઈને જજો. તો હમેંશા સુખ અને આનંદ રહેશે.** ભગવાને આપણને દુઃખી થવા માટે મનુષ્યનો દેહ નથી આપ્યો. માટે આવા ભગવાન મળ્યા છે તો આજીવન આનંદમાં રહેવું. અહીં કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. તન, મન અને ધનથી અને ખાસ કરીને સમય આપીને તમોએ જે સેવા કરી છે એ અદ્વિતીય છે. સમયની સેવાને હું પૈસાની સેવા કરતા પણ અધિક માનું છુ.

આજ દિવસે બપોર પછીની ડૉ. તેજસભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે, આ ડૉકટર સાહેબની એપોઈન્ટમેન્ટ લઈને મળવું પણ કઠિન છે. ત્યારે આજે તેઓ પોતાનો કિંમતી સમય ફાળવીને આપણને આરોગ્ય માટે માહિતી આપી રહ્યા છે. ત્યારે તેઓનો સૌ પ્રથમ તો ખૂબ ખૂબ આભાર. તેઓ જે કહે છે તે પ્રથમ તેઓના જીવનમાં તે વસ્તુ અમલમાં લાવીને પછી આપણને કહી રહ્યા છે. પોતે કસરત કરે છે. વોકિંગ કરે છે. અને સાદો સુપાચ્ય ખોરાક લે છે. માટે આપણે સૌ પ્રથમ તો આપણા જીવનમાં ઉતારવાની આ બધી વસ્તુ છે. સ્યુગર (ખાંડ)ને હું વ્યસન માનું છું. એટલે તો લાડવા ખાવા પહોંચી જઈએ છીએ. હું નથી ખાતો. દંડવત પ્રદક્ષિણા મહારાજે આપણને શીખવાડ્યું છે. એટલું કરીએ તો પણ ભક્તિ સાથે થોડી કસરત થઈ જાય. પ્રદક્ષિણા કરતા કરતા ગપાટા ન મરાય. દંડવત પૂરા કરીએ નહી અને સૂર્ય નમસ્કાર તો અડધો થઈ ગયો પછી ઢીંચણ દુઃખે જ ને ! સ્ટ્રેચ બાબત તો શાંતિ રાખીએ અને બખાડા ન કરીએ અને ખોટી દોડધામ ન કરીએ તો સ્ટ્રેચ ન થાય. ખાટલે પડીશું તો બીજા બહુમાં બહુ તો આપણી ખબર પૂછવા આવશે. એથી વિશેષ શું કરશે ? માટે આપણો આ પરિવાર છે. એટલે કહું છું કે શરીરનું આરોગ્ય સાચવજો. સાહેબ, આ આગળી હરોળમાં બેઠા છે એ બધા અમેરિકા વાળા છે અને ઓબેસીટી (પેટની ચરબીનો વધારો) વાળા છે. તેઓને બધાને દોડતા કરવાના છે.

સાહેબનો વધારે સમય લેવો નથી. પરંતુ આ મોકો બીજીવાર મળશે નહીં, માટે પ્રશ્ન હોય તે પૂછી લેજો. જિજ્ઞાસા છે એ કામની વસ્તુ છે. પરંતુ પછી સાહેબ તરફથી જે માર્ગદર્શન મળે તે જીવનમાં ઉતારજો.'

**પ.પૂ. મહારાજશ્રી તા. ૧-૩-૨૦૨૨ :** (પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી જ્યારે નાની ઉંમરે ગાદી પર આવ્યા ત્યારે સમય પારખીને મૂળી દેશના સમલા ગામના પૂર્વજોએ પ.પૂ. મહારાજશ્રીને ૬ મહિના પોતાના ઘેર રાખી સેવા કરી હતી તે કુટુંબની પરંપરામાં પ.ભ. શામભાઈ ઝાલાના ૮ વરસના સુપુત્ર શ્રી કૃષ્ણદેવસિંહજી ઝાલાએ પોતાની ભેટમાં આવેલી બચત પ.પૂ. મહારાજશ્રીને **પર્વ** માટે અર્પણ કરી ત્યારે પ.પૂ. મહારાજશ્રીએ રાજી થઈને જે અમૃત વચનો કહ્યા તે અત્રે લખ્યા છે.



થોડા દિવસ પહેલા કાર્યક્રમ થયેલો. કાયમ હસતા હોય એનું શું ? આ મારો પ્રશ્ન છે. આપણે અંતરથી હસીએ આનંદમાં રહીએ. ભગવાન જેવા ભગવાન આપણને મળ્યા છે ત્યારે આપણે કોઈ દુઃખી નથી. પોતે દુઃખી બનેલા હોય તો જુદી વસ્તુ છે. શીદને રહીએ કંગાલ, આ જ વાત છે ને ? (સભામાં પૂર્વ ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહજી જાડેજા બેઠેલા તેને લક્ષમાં રાખી કહ્યું કે) હું બાપુના નિવાસ સ્થાને ગયો હતો. અમે વાતો કરેલી, તેઓમાં સરળતા અધિક છે. અમૂક કક્ષાએ પહોંચ્યા પછી વિનમ્રતા અને સરળતા આવવી એ પાત્રતા હોય તો જ મળે છે. હું એટલા માટે બોલવા ઉભો થયો છું કે આજે એક દીકરો, એમાં ક્યા બીજબળ હશે કે જેને આવો વિચાર આવ્યો. કેટલી રકમ છે. તેની હું વાત નથી કરતો રૂપિયાની વાત જ નથી. એક સરસ શબ્દ છે અમીરી. આ શબ્દનો આપણે બહુ ઉપયોગ કરીએ છીએ. બેંક બેલેન્સ છલકાય એટલે અમીરી તો બહુ મળે છે. પરંતુ રઈસી (દાતારી, ઉંચો દરજ્જો ?) ક્યાં મળે છે ? જે હૃદયમાં હોય છે. જેનામાં માણસાઈ છે એ માણસ માણસનું ધ્યાન રાખે છે. મહારાજે આપણને ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી આપી છે. એ રઈસ બનાવવા આપી છે. અમીર બનાવવા નહી. શિક્ષાપત્રીમાં મહારાજે મહાસુખ શબ્દ પ્રયોગ કર્યો છે. રેગ્યુલર સુખ યાને સામાન્ય સુખ તો જેવા તેવાને પણ મળે છે. અને તે સુખની પાછળ દુઃખનો પડછાયો હોય છે. જેમ છાંયડો અને તડકો તેમ સુખ અને દુઃખ એ તો જીવનનો ક્રમ છે. સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતને મહાસુખ આપીશું એવું કહ્યું છે. જો ભગવાનના થઈને રહીએ તો ! મારા નહી. કોઈના નહી પરંતુ ભગવાનના થઈએ એટલું પૂરતું છે. મહારાજે બહુ વિશાળતા રાખી છે. જે જેના ઈષ્ટદેવ હોય એ એના માટે સર્વોપરી છે.

દીકરાને અંતઃકરણ પૂર્વક થેંક્સ કહુ તો એ શબ્દ પણ ગરીબ લાગે છે. હું સવારે આવ્યો ત્યારે ગ્રાઉન્ડમાં બધાને મળતો મળતો આવ્યો. અહીં તો તમને બધાને મળીએ છીએ પરંતુ જે લોકોને મળી શકાતું નથી અને મળવું છે તો એમને મહેનત કરાવીએ એના કરતા આપણે જ સામેથી ન જઈ શકીએ ? એમની માળાથી આપણે અહીં બેઠા છીએ. તો એ દીકરાને આવો વિચાર આવ્યો ત્યારે ભગવાન એમનું અને એના પરિવારનું ખૂબ રૂડું કરે. વાત મુદ્દલ

મૂળિયે લઈ જવાની છે. એ સંસ્કાર, પરંપરા અને સિધ્ધાંત એનો વારસો આપણે પરંપરામાં આપવાનો છે. માત્ર વાણી દ્વારા નહી, પરંતુ આપણા વર્તન અને આચરણ દ્વારા Execute is most important (અમલ કરવો એ મહત્વનું છે.) બ્રિજેશભાઈ મેરજા સાહેબ (મંત્રીશ્રી ગુજરાત)નો આજે જન્મ દિવસ છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

હું સમયના યોગદાન માટે ઘણીવાર કહું છું. મહારાજે આપણા મંદિર બનાવ્યા તે સમયે પૈસા એટલા નહોતા ત્યારે ખેડૂત વગેરે ભક્તજનો કોઈ પંદર દિવસ, મહિનો, બે મહિના એમ સમયનું યોગદાન આપતા. આજે આ જે માહોલ ઉભો થયો છે એની પાછળ આપે સમય આપીને કરેલી સેવા છે. એ જ તમારો ત્યાગ અને વૈરાગ્ય છે. શબ્દ હંમેશા ટૂંકા પડે છે. ગમે તેટલી અલંકારિત ભાષાનો ઉપયોગ કરીએ તો પણ અંદર હોય એ નીકળે નહીં. ન્યાય ન મળે. ભાવના અને શબ્દને મેચ નથી થતું. પરંતુ **એટલી ખબર છે કે તમે અમારા છો અને અમે તમારા છીએ અને આ અમારા પરિવારજનો છે.** માટે આનંદમાં રહીને અને મર્યાદામાં રહીને મઝા કરો. (પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા એટલે પ.પૂ. મહારાજશ્રી આવો કહીને આવકાર આપીને સ્વાગત રૂપે ભેટ્યા.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૩-૩-૨૦૨૨ :** (શ્રી ચિંતનભાઈ ઉપાધ્યાય RSSની ઉપસ્થિતિ) શ્રી ચિંતનભાઈ જેઓ ખૂબ હેત પ્રેમ અને લાગણી મારા પર તો વરસાવે છે. આપણા પ્રાંતના RSS માં આપણી ભાષામાં કહું તો તેઓ બોસ છે. આમાંથી કચ્છના કેટલા છે ? સારું. એટલા માટે પૂછ્યું કે જ્યારે ગુજરાતમાં મોટો ભૂકંપ થયો ત્યારે મારો મૂળીમાં કાર્યક્રમ ચાલતો હતો. તેને રીડાયરેકટ કરીને, રસ્તો બંધ હતો તેથી રાધનપુર થઈને સીધો કચ્છ પહોંચ્યો. અસર હેઠળ કડાકા ધડાકા થતા હતા. આપણી સંસ્કૃતિ પરંપરા અને સિધ્ધાંતને જાળવી રાખવા એથી કોઈ બેનર વાળાને મેં રિસર્ચ નહોતા કર્યા. એ જ વસ્તુ ચિંતનભાઈના જીવનમાં મેં જોઈ. સંસ્કારો અને પરંપરા જાળવીને તેઓ સેવા કરે છે. જે બહુ મોટો ત્યાગ અને વૈરાગ્ય છે. તેઓ માટે શબ્દો નાના પડે. સતત રણમાં રહે છે. તેઓ બોલતા નથી. પરંતુ Execute (અમલ)ના માણસ છે. યા ને આચરણમાં મૂકનારા માણસ છે.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૪-૩-૨૦૨૨ :** (શ્રી અભયસિંહજી ચુડાસમા IG ગાંધીનગરની ઉપસ્થિતિ) સૌ પ્રથમ તો મહારાજની કૃપાથી આ સભાનું દર્શન કરી રહ્યો છું ત્યારે આનંદ થાય છે. પાછળ જેઓ નથી દેખાતા અને સેવા કરી રહ્યા છે તેઓને પણ ખૂબ હાર્દિક જય સ્વામિનારાયણ. મારી સાથે નિકટનો નાતો રાખનાર ચુડાસમા સાહેબ અને ચાવડા સાહેબ, તેઓ માટે હમણાની જ વાત કરીશ કે તેઓ IG રેન્જમાં હોય તેઓએ સીરીયલ બોંબ બ્લાસ્ટનું Investigation (તપાસ) પાર પાડીને ૩૬ જણને ફાંસીની સજા મળી છે. તેમાં તેઓ યશભાગી થયા છે. આપણે લગભગ એક જ ટાઈપ કાસ્ટ (બીબાઢાળ) કરી નાખ્યું છે. કે આ આવો હોય, આ તેવો હોય, આણે ચાંદલો નથી કર્યો માટે આમ છે. તેમ છે ટાઈમ કાસ્ટીંગ કરવાની આપણી કોઈ લાયકાત નથી. આપણી ફુટપટી બહુ ટૂંકી છે. ભગવાનની ફુટપટ્ટીથી માપવાનું છે. આજે આપણે સુરક્ષિત હોઈએ તેનું કારણ આ ફોર્સિઝ છે. તમે ગ્રાઉન્ડમાં જુઓ છો. આપણે તો કંઈ અઘટિત ઘટના બનતી નથી. તેમ છતાં તેમના ડિપાર્ટમેન્ટની આખી ટીમ આપણા સહુનું ધ્યાન રાખવા માટે હાજર છે. આ ત્યાગ અને વૈરાગ્ય જ છે ને ? માટે આપણા સુરક્ષાદળનો યુનિફોર્મ એ માત્ર યુનિફોર્મ નથી પરંતુ યુનિફોર્મથી અધિક બલિદાનની એક બહુ મોટી ચરમસીમા છે.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૪-૩-૨૦૨૨ :** (ભૈયાજી શ્રી જોષી RSS ની ઉપસ્થિતિ) આજની આપણી આ સભામાં રાષ્ટ્રીય સ્વયં સેવક



સંઘના સમગ્ર ભારત વર્ષના પ્રતિનિધિ સ્વરૂપે લોકલાડીલા આદરણીય ભૈયાજી જોષી ઉપસ્થિત છે. તેઓ હિંદુ સંસ્કૃતિની જાગૃતિ, જતન અને મોટીવેશન માટે અવિરત પ્રયત્નશીલ હોય છે. આપણા ૨૦૦ વર્ષની પરંપરાને, સિધ્ધાંતોને અને સંસ્કારોને ધ્યાનમાં રાખીને તેમજ આ યુગને ધ્યાનમાં રાખીને ટેકનોલોજીનો ધર્મ સાથે સમન્વય કરીને આપણો આ ઉત્સવ થયો છે. આપણા ધર્મને અને હિંન્દુ સંસ્કૃતિને વધારે પોષણ મળે તેવો આ પ્રયાસ છે. આપણે સૌ પ્રથમ સનાતન હિંન્દુ સંસ્કૃતિના અને ભારત દેશના નાગરિક છીએ. હમારે મૂલ સ્વામિનારાયણ સંપ્રદાય કે સબ અનુયાયી ઔર ખાસ કરકે હમારે જો ભી યુવક મંડલ કે કાર્યકર્તા હૈ યે સભી સનાતન હિન્દુ ધર્મકી જાગૃતિ ઔર જતન કે લિયે અવિરત પ્રયત્નશીલ રહતે હૈ। તો આજ હમ સબ એક મિનિટ કે લિયે હમારે સ્થાન પર ખડે હોકે વિશેષરૂપ મેં પ્રતિજ્ઞા કરેંગે।

આજ મૈં પ્રતિજ્ઞા કરતા હું કિ મૈં જીવનભર હમારે ઈષ્ટદેવ કો માનતે હુએ અવિરત, હિન્દુ સનાતન ધર્મ કા પાલન, હિન્દુ સંસ્કૃતિ કા જતન ઔર રક્ષા કરુંગા ઔર યે મેરા પરમ કર્તવ્ય માનુગા। યે પ્રતિજ્ઞા કા મૈ પૂરા જીવન પાલન કરુંગા. શાસ્ત્રમાં પણ વિધાન છે કે પરધર્મનું આચરણ ન કરવું તો પોતાના ઈષ્ટદેવને માનીને ધર્મ અને વર્ણને અનુરૂપ આપણી હિન્દુ સંસ્કૃતિને જાળવી રાખીએ.



પ્રતિજ્ઞામાં જોડાવા માટે સૌનો આભાર.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૪-૩-૨૦૨૨ :** (ભૈયાજી શ્રી જોષી RSS ની ઉપસ્થિતિ) સબ સે પહલે ભૈયાજી કો પ્રણામ। બહુત સ્વાગત હૈ આપકા ઔર આપ કે સાથ આયે હુએ તુષારભાઈ ઔર મહેશજી કા। અમે અંદર બેઠા હતા ત્યારે મેં એમને વાત કરી હતી કે પદ અને પૈસાની સાથે પાત્રતા નથી આવતી પણ સરળતા જો આવે તો એ વ્યક્તિથી કોઈ મહાન નથી. ભૈયાજી ખૂબ નિર્માની અને સરળ છે. એમની ઓળખાણ આપવા માટે કોઈ શબ્દો નથી. આપણી હિન્દુ સંસ્કૃતિમાં ભગવાને કીધું છે કે પરધર્મ ભયાવહ માટે બધાએ પોતપોતાના ધર્મમાં રહેવું. પહેલા કીધું હતું. ફરી કહું છું કે સિદ્ધાંત, પરંપરા અને વારસો જો આપણે નહી આપી શકીએ તો સમજી લો કે બધુ ખોરવાઈ જશે. રૂપિયા કોઈ કામમાં આવવાના નથી. મેં તેઓને કહ્યું છે કે હમ તો આજ શ્રોતા બન કે આયે હૈ, માટે આજ તમે બોલજો. સમય મર્યાદા નથી દિલ ખોલીને હળવા થઈને બોલજો. વળી આ મોકો તમને પણ બીજી વખત નહીં મળે. આપણે ખાલી સાંભળવાનું નથી. અનુસરણ થવું જોઈએ તો કામ થાય. શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રવણ, મનન, ચિંતવન અને નિદિધ્યાસ તો કામ થાય.

**પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૪-૩-૨૦૨૨ :** હું સભામાં ૬ વાગે આવ્યો પણ વાસત્વમાં સભામાં ૫ વાગ્યાથી બેઠો હતો. કારણ કે આરામ કરીને સ્નાન કરવા ગયો ત્યારથી યુ-ટ્યુબ ચાલુ કરી, રસ્તામાં ગાડીમાં પણ કથા સાંભળતો હતો. મહારાજ અને આપણા નંદ સંતોએ વ્યાખ્યા કરી કે ભજન કરતા આડું આવે એને માયા કહીએ. મોબાઈલ ભજનમાં અડચણ રૂપે આડો આવે તો માયા. પણ વચનામૃતમાં મહારાજે સરસ વાત કરી કે માયા જગતના લોક માટે બંધનકર્તા છે પરંતુ એ જ માયા ભગવાનના ભક્તને માટે મોક્ષમાર્ગમાં પુષ્ટિકર્તા છે. મોબાઈલ ભલે માયા હોય પણ કથા માટે ઉપયોગી છે. માટે મોબાઈલનો ઉપયોગ શેના માટે કરવો એ આપણા ઉપર નિર્ભર છે.

આ બન્ને સંતો ખૂબ દિલથી કથા કરે છે. જેના અંતરમાં નરનારાયણદેવ ઉતર્યા હોય એ જ બીજાને સમજાવી શકે. મહારાજે, નંદ



સંતોએ વનચામૃતમાં કહ્યું ને કે ઘેડ બેઠી કોને કહેવાય ? બે વચનામૃત વાંચી ને શ્રીપતમ્, શ્રીધરમ્... કરીએ તેને ઘેડ બેઠી ન કહેવાય. પરંતુ જે વાંચ્યું હોય અને વિચાર્યુ હોય એ બીજાને સમજાવી શકીએ એને ઘેડ બેઠી કહેવાય. આ બન્ને સંતોના દિલમાં નરનારાયણદેવ છે. એટલે તમને સમજાવી શકે છે. તેઓ કંઈ પોતાની વાહ..વાહ કે પ્રશંસા માટે કથા નથી કરતા પરંતુ તમારું કલ્યાણ કરવા માટે કથા કરે છે.

પી.પી. સ્વામી નાના હતા તેમ ત્યારે તેમના ગુરુ નરનારાયણ શાસ્ત્રી જેઓ ખૂબ સારા વિદ્વાન હતા અને સંસ્કૃતમાં ભાષણ કરી શકતા તેઓ મારી પાસે લઈને આવ્યા અને કહે આ નાના સંત બહુ સારા છે. કીર્તન બહુ સારા ગાય છે. મેં કહ્યું હું પણ સાંભળું. ટેપ રેકોર્ડિંગ મંગાવી ને ટેપ કરી. ત્યારે આ સ્વામી કીર્તન ગાતા ગાતા થોડા ગળગળા થઈ ગયા, શરમાઈ ગયેલા મારાથી ! એ વખતે મેં સંકલ્પ કરેલો કે નરનારાયણ દેવની ૨૦૦ વર્ષની પારાયણમાં તેઓ વ્યાસપીઠ પર બેસી કથા કરશે.

નિર્ગુણ સ્વામીની વાત કરું તો અમદાવાદ પાઠશાળામાં તેઓ ભણતા ત્યારે નરનારાયણદેવનું કંઈ ઘસાતું જોવામાં આવે, મંદિરમાં ક્યાંય નરનારાયણદેવની મૂર્તિ ન હોય ત્યારે પ્રતિનિધિ મંડળ લઈ ને અમને ફરિયાદ કરવા આવતા. એટલે એમના જીવનમાં નરનારાયણદેવ ઉતર્યા છે અને એવા હોય એ જ બીજાના જીવનમાં નરનારાયણદેવ ઉતારી શકે.

**હું નરનારાયણદેવના ખૂબ નજીકથી દરરોજ દર્શન કરું છું ત્યારે મારી અનુભવેલી વાત કરું. નરનારાયણદેવની મૂર્તિના મુખાકૃતિના ભાવ જુદાં જુદાં બદલાયેલા જોવા મળે છે. કોઈવાર બહુ આનંદમાં હોય, કોઈ વાર ઓછા આનંદમાં હોય તો કોઈવાર કંઈક વિચારમાં હોય. આ મારી નજરે જોયેલી વાત કરું છું.** ગ.પ્ર.પ્ર. ૪૮ ના વચનામૃત પ્રમાણે સત્સંગી માત્ર માટે શ્રી નરનારાયણદેવની મૂર્તિ વિના પૂજા અધૂરી છે. નરનારાયણદેવનો આશ્રય એ સત્સંગીમાત્ર માટે બહુ જરૂરી છે. અને આપણે જેટલા નરનારાયણદેવના પગથિયા ચડીશું એટલી આપણા જીવનમાં ઉર્ધ્વગતિ થશે. નરનારાયણદેવનું દર્શન કરવા નહીં જઈએ એટલું નુકશાન આપણને છે. મહારાજે વચનામૃતમાં કહ્યું ને કે અનેક દુકાળ પડે કે અતિવૃષ્ટિ થાય પણ સમુદ્રની સપાટી એની એજ રહે છે, વધતી કે ઘટતી નથી. એમ આપણે નરનારાયણદેવના દર્શને જઈએ કે ન જઈએ નરનારાયણદેવનો મહિમા વધતો કે ઘટતો નથી. એનો મહિમા એનો એ જ રહે છે. દર્શને જઈએ તો આપણો મહિમા વધી જાય છે. અમે જ્યારે જેતલપુરની પ્રથમ પદયાત્રા કરી ત્યારે કેટલાક હરિભક્તો કહે, તમારી પદયાત્રાથી રેવતી બળદેવજીનો મહિમા વધી ગયો. ત્યારે મેં કહ્યું કે મેં શું વધાર્યો ! પદયાત્રા કરી દર્શન કર્યા તો મારો મહિમા વધી ગયો. દેવનો મહિમા તો એનો એ જ હોય છે. એમ આ **પર્વ**ના ઉત્સવમાં આપણે નરનારાયણદેવનો મહિમા વધારતા નથી. પરંતુ ઉત્સવમાં ભાગ લઈને આપણો મહિમા વધારીએ છીએ. આ ઉત્સવમાં ઘણાં ભક્તોએ ખૂબ પ્રેમથી સેવા કરી છે. અમારા ઉપર વિદેશથી મેસેજ આવે છે કે અમે **પર્વ**ને ટી.વી.માં નિહાળીએ છીએ. **પર્વ**ના ઉત્સવ માટે સેવા મોકલવી છે, કેવી રીતે મોકલીએ ? ગ્રાઉન્ડમાં તૈયાર થતું હતું ત્યારે રાત્રે હું આવેલો તે સમયે મેં જોયેલું કે કેટલાક

ભક્તો કામથી થાકી બિચારા નીચે જમીન પર સૂઈ ગયા હતા. ભક્તજનોએ હાર કે પ્રશંસાની કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના સેવા કરી છે. ઘણા બહેનોએ નિષ્કામ ભાવે લીંપણની સેવા કરી છે એ જ આ **પર્વ**નું સાચું હાર્દ છે. ઉત્સવ દરમિયાન ક્યારેય માગણી કરવામાં આવી નથી. કોઈ ને કહેવું નથી પડ્યું તેમ છતાં સામે ચાલીને તન, મન, ધનથી સેવા થઈ છે. વિદેશથી પણ છેલ્લી ઘડી ઘણા ભક્તો **પર્વ** માણવા આવ્યા છે અને દાનની સરવાણી શરૂ કરી છે. તમને સૌને જાણમાં હશે જ કે આ ઉત્સવમાં દાનનું જે સરપ્લસ થશે તેનો ઉપયોગ સર્વોપરી ધામ છપૈયામાં થવાનો છે.

આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આ **પર્વ**માં સહભાગી થવાની એક અમૂલ્ય તક મળી છે અને તેની એક દિવ્ય અનુભૂતિ કરી રહ્યા છીએ. મહારાજે વચનામૃતમાં પાને પાને નરનારાયણદેવનો મહિમા કીધો છે. તો જેવો છે તેવો મહિમા સમજવો. મહારાજે વચનામૃતમાં વાત કરી કે જેમ સ્ત્રી પોતાના પતિને મૂકીને બીજા પુરુષનો આશ્રય કરે તેને કેવી જાણવી ? તેમ પોતાનું સ્વરૂપ જાણીને મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા તેનો આશ્રય મૂકીને બીજાનો આશ્રય કરવો તે તો... માટે આપણને મળ્યા જે પ્રત્યક્ષ નરનારાયણદેવ તેનો દ્રઢ આશ્રય કરવો. લાલજી મહારાજશ્રીએ દિવસ રાત પરિશ્રમ કર્યો છે. આ **પર્વ**ના ઉત્સવને સર્વોપરી બનાવવા એક એક ક્ષણે માર્ગદર્શન આપ્યું છે. તેમાં સપોર્ટ શ્રીરાજાનો છે. હું પોતાની જાતને ભાગ્યશાળી માનું છું કે મને આવા સદ્ગુણો વાળી ત્રીજી પેઢી જોવા મળી છે. જેતલપુરના વચનામૃતમાં મહારાજે વાત કરી કે ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે. માટે આ દિવ્ય સભાનું ધાર્યું પણ થાય માટે સંતો અને સત્સંગીઓ ભેગા મળી લાલજી મહારાજશ્રીને ખૂબ આશીર્વાદ આપજો કે તેઓ નરનારાયણદેવની ખૂબ સેવા કરે. સંતો હરિભક્તોને ખૂબ રાજી કરે તેમજ સત્સંગનો અને નરનારાયણદેવનો મહિમા સમજે અને બીજાને સમજાવે એટલું કહી વિરમું છું.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૫-૩-૨૦૨૨ :** સૌ પ્રથમ તો આપ સૌને હાર્દિક જય સ્વામિનારાયણ. માનવંતા મહેમાનો પધાર્યા છે. એક એકનું નામ લેતો નથી. પણ આપ સૌ અહીં પધાર્યા છો એ સૌનું સ્વાગત છે. આપ સર્વે અમારા છો એટલે અમને ચિંતા નથી. ભજન-ભક્તિ ક્યાં ક્યાં થાય છે ? અહીંયા તો આપણે બેઠા



છીએ. સોફા છે. ખુરશી છે. પણ આપણે અહીં એટલે બેઠા છીએ કે આની પાછળ કોઈકની માળા ફરે છે. એટલે પહેલામાં પહેલા ધન્યવાદ એ હરિભક્તો ભાઈઓ બહેનો, દીકરા દીકરીઓને આપીશ કે જેઓ ખૂણે ખાંચરે દેખાતા નથી પણ ભજન કરે છે. નીચે પડેલો કચરો ઉપાડે છે. જેણે પોતે **પર્વ** માણ્યો નથી પણ જાણ્યો છે. જ્યાં સુધી મારો અવાજ પહોંચતો હોય ત્યાં સુધી ભગવાન આપ સૌનું ભલું કરે. રૂડું કરે. ફલો (પ્રવાહ, ઘસારો) એટલો બધો છે કે પહોંચી શકાય તેમ નથી. તો પણ ગામડાઓમાં તો પહોંચી જ જવાનો છું. પડદા પાછળની દુનિયા જે હું માનું છું. અહીં બેઠા છીએ, બધું સારું લાગે છે. પણ આ આયોજન સરળ નથી હોતું. આપણા ઘેર જો બે મહેમાન આવવાના હોય તો કટલરી, ભોજન શું બનાવવું ? ભાવશે કે નહીં ? આદિક મેનેજમેન્ટમાં એક દિવસ નીકળી જતો હોય છે. તો અહીં તો

લાખોની સંખ્યામાં જેઓએ હરિભક્તોની સેવા કરી છે. જેઓ દેખાતા નથી. જેઓએ સ્ટેજ, સભા મંડપ જોયા નથી. પાર્કિંગ રસોડાથી લઈ આખા કેમ્પસમાં જેઓએ નિઃસ્વાર્થ ભાવે સેવા કરી છે. મહારાજની આજ્ઞા છે ને કે નિષ્કામ ભાવે ભક્તિ કરવી. આ આજ્ઞાનું પાલન અહીં વડીલોથી લઈ બાળકો સુધી દરેકે કર્યું છે તેના માટે શબ્દોમાં વર્ણન થઈ શકતું નથી. શબ્દ નાનો પડે, શબ્દો એને ન્યાય આપી શકતા નથી. બે સારા માણસો મળ્યા હોય તો અંદરનો આનંદ શબ્દોમાં વર્ણવી શકાતો નથી. ભાગ્યવશાત્ આપણે નરનારાયણદેવના દરબારમાં બેઠા છીએ. જેમાં માણસો જ છે, સારા માણસો છે. માણસ થવું એ એક પ્રક્રિયા છે.

શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકમાં બધું આવે છે પરંતુ શરૂઆત માણસાઈથી થાય છે અને એ મોટામા મોટી વસ્તુ છે.

ये पालयन्ति मनुजाः सच्छास्त्र प्रतिपादितान ।

सदाचारान सदा तेडत्र परत्र च महासुखाः ॥

તન, મન, ધનનું યોગદાન બધા કહેતા હોય છે. પરંતુ હું વારંવાર કહું છું કે સમયનું જે યોગદાન છે તેની તુલના પૈસાથી થઈ શકે નહીં. તમે અહીં એકત્રિત થયા છો તેમાંથી આજે કોઈની પાસે સમય નથી અને પહેલા પણ નહોતો કારણ કે પહેલા ગામ વચ્ચે ચોરો હતો. હવે મોબાઈલ ચોરા રૂપે આવ્યો છે. મોબાઈલ ચોરો છે. પહેલા ગામડાઓમાં ચોરે બેસીને ગામની પંચાત થતી હવે વોટસએપમાં પંચાત થાય છે. આપણે ધારીએ તો એ જ ડબલાનો ઉપયોગ ઘેર બેઠા બે સારા વાક્યો સાંભળવામાં કરી શકીએ. સદુપયોગ થાય એટલે પ્લોટફોર્મ તૈયાર થાય. કંઈક તો ફેર પડશે. અહીં બેઠા છીએ તો કંઈક **Positivity** (હકારાત્મકતા) આવે છે. સવારે સૌએ નરનારાયણદેવના દર્શન કર્યા. કદાચ કોઈ પહોંચી શક્યા ન હોય તો ભગવાન તમારી સાથે છે. કોઈ ચિંતા કરવાની જરૂર નથી.



શ્લોકમાં આજ્ઞાપાલનની વાત છે. અને જે આજ્ઞામાં વર્તે તેને મહારાજ મહાસુખિયા કરે છે. સુખીયા શું કરવા કરે ? કારણ કે સુખ પાછળ તો દુઃખ હોય. તડકા પાછળ ક્યાંક છાંયો અને વરસાદ પડે તો પાછળ તડકો પણ આવે. ભગવાન આપણને મહાસુખિયા કરે છે જેની પાછળ દુઃખનો પડછાયો નથી. મહારાજે આપણને ગેરંટી આપી છે. કોઈ બાપ પોતાના પુત્રને આવી ગેરંટી આપી શકતો નથી. આપણો બાપ આપણા મંદિરમાં મૂર્તિ સ્વરૂપે, પ્રતિમા સ્વરૂપે સિંહાસનમાં દર્શન આપે છે. એજ ભગવાન તમારા ઘેર સિંહાસનમાં પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષપણું જણાય અને મર્યાદામાં રહેવાય તો સુખી થવાય એ મહારાજનું વચન છે. ત્યાર પછી મહારાજે એ પણ લખ્યું કે :

तानुल्लङ्गपात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।

त ईहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥

મહારાજ કહે, મારી આજ્ઞા પ્રમાણે વર્તન નહી કરો તો દુઃખી થશો. ત્યાં પછી ગેરંટી રહેતી નથી. મહારાજે ત્યાં સુધી કહ્યું કે પછી અમારે અને તમારે લેવા દેવા નથી. સીધું **Bombarding** કર્યું છે. બાકી નથી રાખ્યું. મહારાજના શબ્દો છે. જાણો છો ને? **Serious** મહારાજ કહે, અમારો દાખડો સફળ કરજો. ભલા થઈને આ શબ્દ છે ને ? કદાચ ઘણી વાર સાંભળ્યું હશે પણ અમુક વસ્તુ વારંવાર કહેવી. રિપીટેશન બહુ મહત્વનું છે. મંત્ર જાપનું મહત્વ કેમ છે ? સ્મૃતિ જાય નહી એટલા માટે. એક શબ્દ બહુ ભયંકર વાપર્યો છે. ભલા















થઈને.... ભાઈ સાબ... હખણા રહેજો. એમ કહ્યું છે ને ? મહારાજ આપણું બધું જાણે છે, ઓળખે છે એ નક્કી છે. જેથી એવા કાર્ય કરીએ કે માનવંતા જળવાઈ રહે અને છેલ્લે ભગવાન સામે આંખ નીચી ન થાય એ ખુમારી હંમેશા રહેવી જોઈએ. આજે બહુ આનંદ થાય છે. એક તો ભગવાન અને બીજું ભગવાનના ભક્તના દર્શન કરીને. **ભગવાનનું વચન છે કે ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો એને અડધો વિમુખ જાણવો.** આપણી ફુટપટ્ટી બહુ નાની છે. કાલે જ મેં બીજા વિષય ઉપર આ વાત કરી હતી કે કોણ શું છે ? એ આપણે નિર્ણાયક નથી. આપણે સુપ્રિમ કોર્ટના જજ નથી. જોનાર ભગવાન છે. આપણે ગુણબુદ્ધિ રાખીને રહીએ તો પ્રસન્ન થવાય. આ તો આપણે સુખી થવાના મૂળિયા છે. અભાવ અવગુણથી આપણે જ દુઃખી થઈએ છીએ.

પૈસા વિના ચાલતું નથી. ગાડી પાણી કે હવાથી ચાલતી નથી તેલ ઉંગવુ પડે છે. **Fuel** (બળતણ) ઓરવું પડે છે. પછી તેને ગેસ કહો, પેટ્રોલ કહો કે ડિઝલ કહો મેઈન્ટેનન્સ પણ માગે છે. માટે પૈસા સુવિધા આપે છે પણ સુખ તો ભગવાનના



ચરણોમાં જ મળે છે. એટલે લક્ષ તરીકે આપણે ભગવાન આગળ રાખ્યા છે. પ્રથમ ભગવાનને પછી બીજાને આમંત્રણ. મોટા ભાગે બધાને આમંત્રિત કર્યા છે. વોટસએપનો સદુપયોગ કર્યો છે. ફીઝીકલ આમંત્રણ આપવા ના ગયા હોઈએ તો પણ તમે આવ્યા છો. એ મહારાજની આજ્ઞાનું તમે પાલન કર્યું છે. ધન્યવાદ છે. કારણ કે મહારાજના શબ્દો છે કે વણતેડાવ્યા આવવું નોતરું એ દેશી શબ્દ છે. આમંત્રણ ન આપ્યું હોય છતાં પોતાનું જાણ્યું હોય તો પગ મૂકી શકે છે નહી તો આંટા ફેરાને આશીર્વાદ થાય. બેસી ન શકાય.

આપ સૌએ જે યોગદાન આપ્યું છે. દીકરાઓએ ૧૮-૧૮ કલાક સુધી અહીં મહિનાઓ સુધી સેવા કરી છે. કોઈનું નામ નથી લેતો, બીજાને અન્યાય થાય. એવી બહેનો પણ છે જેમણે લીંપણ તો કર્યું છે પણ સાથે ભાઈઓ જેવી ભારે પરિશ્રમ વાળી પણ સેવા કરી છે. ત્યારે આપણે આ ફરતી દુનિયા ઉભી થઈ છે. એ જોઈ રહ્યા છીએ. **મૂળિયે પાછા જવાનું આ પ્રતિક છે. એની શરૂઆત છે. મૂળ ગયું તો બધું ગયું.** અહીંથી (પ.પૂ. મોટા મહારાજશ્રી પાસેથી) પરંપરાગત આવ્યું છે. એટલે બોલું છું. બેક બોરો એન્ડ સ્ટીલ પ્રણાલિકા પરંપરા બુદ્ધિથી સ્ટીલ કરો પણ સિદ્ધાંત જાળવી રાખજો. એટલે મહારાજે કહ્યું કે ભલા થઈને... ગામડી ભાષા છે 'નીંદણ' શબ્દમાં હવે શું ખબર પડે ? ગયું બધું. અત્યારે ગુગલ ભગવાન છે વગર કીધે યોગદાન આવ્યુ છે. તેની થોડી જાણ કરું છું. યુ.કે.માંથી, ન્યુઝીલેન્ડ મંદિરમાંથી મોટી સેવા આવી છે. કોઈ એક માણસે આ રકમ મોકલી નથી. નાના બાળકથી માંડી વડીલો સુધી બધાએ ભેગા કરીને મોકલી છે. ધન્યવાદ સૌને ! યુ.કે. ઈસ્ટ આફ્રિકા, કેન્યા, ઓસ્ટ્રેલીયા અને અમેરિકાથી પણ ખૂબ મોટી સેવા આવી છે. હું પ્રિસાઈસ ફીગરમાં માનું છું. ૧૦ પૈસાની કિંમત છે. કારણ કે એની પાછળ તમારું હૃદય છે. ઘણા વિદેશના હરિભક્તો વણતેડાવ્યા આવે, ટિકિટ ખર્ચે અને પાછા પૈસા આપે આવી દુનિયા ક્યાં જોવા મળે ? રાજસ્થાનથી ઘીના ડબ્બાના ઢગલા થયા છે. ગામડાની કુલ રકમ તમને બધાને આપી દઈશું. રાજસ્થાનના ભક્તો ચોરે ધૂન કરે છે. હુંય ભેગો પાથરણા વિના બેસી ગયો હતો. ભગવાનનું નામ લેવાતું હોય ત્યાં ભેગા બેસીએ તો મજા આવે. પર્થ, કેન્યા, કેનેડા કોના કોના નામ લેવા ?

બીજાને અન્યાય થઈ જાય. ન્યુઝીલેન્ડ, નોર્થ ઈસ્ટ કેન્યા, અમેરિકા ૧૫ દિવસમાં ઓડીટ મારી પાસેથી ૯૮ પૈસા સુધીનું લઈ જજો. **Transparency is a must** (પારદર્શકતા ફરજિયાત છે). અમને આ વારસાથી મળ્યું છે.

આપણા બાપજી, મારા પિતાશ્રીએ શ્રીજી મહારાજનો એક પત્ર દેખાડ્યો. લખ્યું હતું કે, ડુંગરપુરથી જે મૂર્તિ લાવવાની છે તે એક જ ગાડામાં લાવવી તો બે ગાડાનું ભાડું ન થાય. બાપજી કહે, મહારાજની કરકસર જુઓ. કરકસર કરવી પણ ધર્મના કાર્યમાં અમુક હાવ બેસી નહીં જવાનું. ભગવાને કીધું છે કે શક્તિથી અધિક ન આપવું અને શક્તિથી ઓછું પણ ન આપવું. અને સૌથી મોટું યોગદાન જે અંદર છે. (પ.પૂ. ગાદીવાળાશ્રી) તેનું છે. ૨૦૨૨ માં પણ મર્યાદાનું પાલન થાય છે. કંઈક તો વિચાર કરો. આ કોઈ વાતો કરીને ઉડાડી દેવાની વસ્તુ નથી. મહારાજના વચનનું પાલન કરીને અન્યને પ્રેરણા આપનારનું આ દ્રષ્ટાંત છે. આ સહેલું નથી. તેઓનું આંગન માટેનું યોગદાન આપ સૌ જાણો છો. આંગનમાં બહેનોની સેવા છે. માટે બહેનો જે સમયનું યોગદાન આપવા ઈચ્છતા હોય તેઓ તમારા ડિપાર્ટમેન્ટમાં ગાદીવાળાશ્રીને મળી લેજો. વધારે સેવા આપશો તો તમારી સેવા ભરપાઈ થઈ જશે. રહેવા, ખાવા, પીવાની બધી વ્યવસ્થા થઈ જશે. માણસ માણસને કામ નહીં આવે તો પછી માળા ફેરવી કામ નહીં લાગે. અમે તો સમયના યોગદાનમાં કોઈ રજા લેતા નથી તો પણ કોરોના કાળના બે વર્ષમાં **DL, CL. ML** બધું ભેગું મળી ગયું ત્યારે પણ અમે સમયનો સદ્ઉપયોગ કર્યો છે. ઘણાં છાપા વાંચીને સમય પસાર કરતા હોય છે. હું લખીને આપું કે ૫૦ વર્ષ પહેલાનું છાપું જુઓ તો પણ એજ સમાચાર હોય. પહેલું પાનું જુઓ, બોમ્બ ફૂટ્યા, મર્ડર થયું. પછી છેલ્લું પાનું જુઓ ઉકલી ગયા. આમા દુનિયા પુરી થઈ ગઈ. કોઈ સારા સમાચાર હોય છે ? પાના ફેરવવાની શું જરૂર છે ? વળી ઘણા તો હાલતા ચાલતા છાપા મળે છે એ ઓછા પડે છે ? ‘‘હું સમાચાર જોઉં છું...’’ ‘‘ભાઈ ! તું જ આખો સમાચાર જેવો છે.’’

આપણે જે કંઈ કર્યું છે એ નરનારાયણદેવને અર્થે કર્યું છે. દેવને માટે કર્યું છે. **વારંવાર કહ્યું છે અને આજે ફરીથી કહું છું કે આ લાલ પાઘ નરનારાયણદેવને ઉંબરે જ ઉતરશે, એ ખુમારીથી કહું છું અને એ ખુમારી તમારે પણ રાખવાની છે. ગામડાની એક કહેવત છે ને કે પોદળામાં હાંઠા નાંખવાથી એમાં કંઈ ઉગવાનું નથી.** માટે મળ્યું છે એને માણો, આનંદમાં રહો, જલસા કરો. મર્યાદા પૂર્વક. આજે ખાસ કરીને એક વસ્તુની જાહેરાત કે ૨૧ જાન્યુ.થી ૨૬ જાન્યુ. ૨૦૨૩ ના સમયે મૂળી મંદિરનો આપણે ૨૦૦ વર્ષનો ઉત્સવ આવે છે. માટે **Count Down Begins now,** ફરી ધંધે લાગી જજો. હું એકેય ગામડું છોડવાનો નથી. એ બાજું જઈશું અને આ બાજું પણ જઈશું. બધે જઈશું. આપ સૌની હેત, પ્રેમ, લાગણી છે ને ! એટલે આપ જાણો છો કે ઘણાં બધા કાર્યક્રમો હોવાથી કોઈ અતિથિ વિશેષને સમય ન આપી શક્યા હોઈએ તો ફરી પાછા મળીશું. ભગવાન ભેળા કરશે. આવતા વર્ષે આપણે ધ્વજવંદન મૂળીમાં કરવાનું છે.

હું ગર્વથી હી શકું છું કે આજે અહીં હાઈકોર્ટના, પોલીસ ખાતાના મોટી પદવી વાળા વ્યક્તિઓએ સ્વયંસેવક તરીકે જે સેવા આપી છે તે ધન્યવાદને પાત્ર છે. અને નાના કે મોટા કોઈ નથી. ભગવાનની દ્રષ્ટિમાં બધા સમાન છે. મહારાજ કહે, ઘણા અમારાથી છેટા છે તોય નજીક છે અને નજીક છે તોય છેટા છે. કોઈને ના મળવાનું થયું હોય તો પણ અહીં (હૃદયમાં) તો છો જ ! જે ભગવાનનો છે એ અમારો છે. પરિસરમાં, દેશ વિદેશમાં જે



જોનારાઓ હોય એ સૌને ધન્યવાદ છે. આપ તથા આપનો પરિવાર સુખી સંપન્ન રહે. અહીંથી જે બચત થશે તે છપૈયામાં ટ્રાન્સફર કરીને હરિભક્તોની સુવિધાઓ માટે આખું ટાઉનશીપ ઉભું કરવાનું છે. ૧૫૩ કરોડ ઉપરાંતનો પ્રોજેકટ છે. જે ચાલુ થઈ ગયો છે. (જેનો Provideo દેખાડવામાં આવ્યો હતો) આપણી પાસે શું નથી ? માટે શીદને રહીએ કંગાલ ? ભગવાન મળ્યા છે તો દુબળી પાતળી હડેલી વાતો કે વસ્તુ ન જોઈએ. ખુમારી હોવી જોઈએ. નરનારાયણદેવ આપ સૌનું રૂડું કરે. **ભગવાનને જેઓ આગળ રાખશે. ભગવાનના થઈને રહેશે તેને ભગવાન સુખી કરશે.... કરશે... કરશે.... કરશે ને કરશે.** ધન્યવાદ !

**પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૫-૩-૨૦૨૨ :** આપણે જ્યારથી સમજણા થયા, કથા પ્રવચન સાંભળતા થયા ત્યારથી આપણે જાણીએ છીએ કે મહારાજે કહ્યું ને કે ઉત્સવ સમૈયા અંત સમયે યાદ આવી જાય તો જીવનું ખૂબ રૂડું થાય છે. પરંતુ આનો સાચો ભાવાર્થ આ સાત દિવસમાં આપણને સમજાવ્યો છે. બીજી વાત **પર્વ**ના આપણા આ ઉત્સવ પહેલા મહારાજે કોરોનાને કાઢી નાંખ્યો તો હવે મહારાજને એ પ્રાર્થના કરીએ કે જેમ કોરોનાને કાઢી નાંખ્યો તેમ જગતમાંથી કલેશને કાઢે. કારણ કે ન્યુઝમાં આપણે સાંભળીએ છીએ કે રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધમાં કેટલા નાના બાળકો અને ગરીબો રાજકારણીઓના Ego (અહમ્)ના કારણે પરેશાન થઈ રહ્યા છે. માટે મહારાજને પ્રાર્થના કે જગતમાંથી કલેશ-યુધ્ધ દૂર થાય.

અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પર દુઃખ હારી રે, વારી બહુ નામીનો....
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.
(શ્રીજી મહારાજની એજ પરંપરા)

છેલ્લી વાત ! એક સમયે મહારાજ સભા ભરીને બિરાજમાન હતા. કાઠી દરબારો પણ સભામાં હતા. ત્યારે સોમલા ખાચરે માથે પછેડી ઓઢી હતી. સુરા ખાચરે તેના માથેથી પછેડી ખેંચી લીધી એટલે સોમલો ખાચર કહે, મહારાજનું ધ્યાન કરું છું એમ કહી ફરી પછેડી ઓઢી લીધી. સુરા ખાચરે ફરી પછેડી ખેંચી લીધી એટલે સોમલા ખાચરે મહારાજને ફરિયાદ કરી કે મહારાજ જુઓને, હું તમારું ધ્યાન કરું છું અને આ સુરા ખાચર મારા માથેથી પછેડી ખેંચી લે છે. ત્યારે સુરા ખાચરે જે જવાબ આપ્યો એ આપણા માટે બહુ સમજવા જેવો છે. સુરા ખાચર કહે, **તું જેનું ધ્યાન ધરે છે એ તારો બાપ તો આગળ બેઠો છે. પછી પછેડી શીદને ઓઢે છે ? આ વાત આપણને બધાને લાગું પડે છે. કારણ કે મહારાજે બાથમાં લઈને નરનારાયણદેવ પધરાવી આપ્યા છે. આવા શ્રી નરનારાયણદેવની પ્રાપ્તિ આપણને થઈ છે. તેમ છતાં પછેડી ઓઢીને આપણે ઘણીવાર ભગવાનને બીજે શોધતા હોઈએ છીએ. તો આ પર્વની ફલશ્રુતિ એ જ હોવી જોઇએ કે નરનારાયણદેવ પ્રત્યે આપણી Full (પૂરેપૂરી - સંપૂર્ણ) વફાદારી અને સંપૂર્ણ આત્મસમર્પણ, દ્રઢ નિષ્ઠા થાય. આ વાત આપણે શીખીએ અને બીજાને શીખવીએ.** આટલું કહી વિરમું છું.



**પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૫-૩-૨૦૨૨ :** આ પર્વ નરનારાયણદેવના ૨૦૦ વર્ષની ઉજવણી સાથે સાથે જે આવનારા ૨૦૦ વર્ષ છે તેના સાચવી રાખવા માટે છે. સંપ્રદાયનો ઈતિહાસ ખાસ કરીને કાલુપુર મંદિરના નિર્માણથી અત્યાર સુધીમાં જોઈએ તો નાનામાં નાના હરિભક્તોનું યોગદાન આપણને જોવા મળે છે. એની પાછળનું કારણ જો કોઈ હોય તો આ ભક્તોનું નરનારાયણદેવ પ્રત્યે પૂર્ણ સમર્પણ અને નિષ્ઠા છે. **આપણને ખુમારી અને ગૌરવ હોવું જોઈએ કે આપણને જે ભારત દેશમાં જન્મ મળ્યો છે એ ભરતખંડના રાજા અને અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવ આપણા સૌના ઈષ્ટદેવ છે.** આપણને એક વાતનું ગૌરવ છે કે સિદ્ધાંત અને સંસ્કૃતિને સાથે રાખીને આપણે ઉત્સવ ઉજવ્યો છે. મેપીંગ (નકશો) અને પ્લાનીગનું Selection (પસંદગી) એવી રીતે કર્યું છે કે કોઈક સૂક્ષ્મ દ્રષ્ટિથી જોનારાને જ ખ્યાલ આવે કે એક બાજું ગામડું છે તો તેની બાજુમાં જ Vertual Reality નો શો સેટ કર્યો છે. આ બહુ સમજવા જેવી વસ્તુ છે. ટેકનોલોજીનો ઉપયોગ પણ થઈ શકે છે તેમ તેનો દુરુપયોગ પણ થાય છે. આપણે ટેકનોલોજીનો સદુપયોગ કઈ રીતે થઈ શકે, ધર્મના માર્ગે પણ તેનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તેનું આપણે આ ઉત્સવના માધ્યમથી ઉદાહરણ પુરુ પાડ્યું છે. ડ્રોન શો પણ આપણે બે વાર કર્યો. જેમાં **આકાશમાં ૩૦૦ મીટરની ઉંચાઈએ આપણે ડ્રોનના માધ્યમથી, નિર્મિત સ્વામિનારાયણ ભગવાન, કાલુપુર મંદિર, નરનારાયણ ભગવાન અને પર્વના દર્શન કર્યા.** ભારતમાં અગાઉ બે શો ક્યાંય નથી થયા. ગુજરાતમાં તો સૌ પ્રથમવાર આવો શો થયો છે. તેનું શ્રેય માત્ર અને માત્ર નરનારાયણદેવને જાય છે. કારણ કે એમના થકી અને એમના માટે આ ઉત્સવ છે. નરનારાયણદેવને રાજી કરવા આ ઉત્સવ છે, બીજા કોઈને રાજી કરવા માટે આ ઉત્સવ નથી. ૫૦, ૧૦૦, ૨૦૦ કે ૨૦૦૦ વર્ષો જાય પણ જોવાનું એ છે કે યુવા પેઢી સત્સંગ સાથે જોડાય અને ધર્મના માર્ગે રહે અને એના માટે જ આ પ્રયત્ન છે. અને એવા પ્રયત્નો કરવાના છે. ગાદીવાળાશ્રી, મહારાજશ્રી તથા સંતો-ભક્તોએ ભેગા મળીને ખૂબ પરિશ્રમ કર્યો છે. નાનામાં નાના હરિભક્ત તથા બધા સંતો માટે એકવાર ખૂબ જોરદાર તાળીઓ પાડીને અભિનંદન કરીએ. કારણ કે કોઈ એક વ્યક્તિથી ઉત્સવ થતો નથી. આખી ટીમ કે ફોઝ ભેગી મળે અને બધાનું Vision (ભવિષ્ય દ્રષ્ટિ) મેચ થાય ત્યારે આ શક્ય થાય છે. જેટલા પણ સંતો ભક્તો ૩-૪ મહિનાથી અલગ અલગ વિસ્તારમાંથી દરરોજ અહીં આવતા તેઓ પ્લાનીંગ કરતા અને સાફસફાઈ કરતા. બાવળની કાંટી, ઝાડી, ઝાંખરા અહીં હતા તેને સાફ કરી ખૂબ મહેનત કરીને ટૂંક સમયમાં આવી અદ્‌ભુત નગરી અહીં ઉભી થઈ છે. કારણ કે જેટલા પણ હરિભક્તો અહીં આવતા હતા તેની આંખોમાં ને હૃદયમાં નરનારાયણદેવ પ્રત્યે પૂર્ણ સમર્પણ જોવામાં આવતું હતું. એવા સ્વયંસેવકો છે કે જેઓએ સભામંડપ જોયો પણ નથી. કદાચ બનતો હશે ત્યારે જોયો હશે. સ્વયં સેવકોએ ગ્રાઉન્ડ પરના શ્રી નરનારાયણ ગાથા આદિક પ્રકલ્પો હોય કે સાંસ્કૃતિક કાર્યક્રમો હોય તે જોયા કરતા જે જોવા આવતા હતા એનું ધ્યાન રાખ્યું છે. ક્યાંય અવ્યવસ્થા થવા દીધી નથી. સાતે સાત દિવસ નરનારાયણદેવ સાક્ષાત્ આપણી સમક્ષ અને આપણી વચ્ચે રહ્યા છે. એટલે ઉત્સવ નિર્વિઘ્નપણે પૂરો થયો છે. સૌને ખૂબ આનંદ થયો છે. આજના યુગમાં સમયનું યોગદાન એ બહુ મોટું યોગદાન છે. તો પણ સાતેય દિવસ એક પણ ખુરશી ખાલી રહેતી નહોતી એ ભક્તજનોની શ્રદ્ધા અને ભાવના દર્શાવે છે. સાત દિવસ કેમ પૂરા થઈ ગયા એ ખ્યાલ પણ ન આવ્યો. સ્વયંસેવકો તેમજ Land Scraping (જમીન સરખી કરવી), પાર્કિંગ, રસોડા વિભાગ, સિક્યોરીટી, બાથરૂમ ડ્રેનેજ, સાફ સફાઈ આદિક દરેક સમિતિએ ખૂબ જ પરિશ્રમ કર્યો છે. ત્યારે અહીંથી બીજું કંઈ ન લઈ જઈએ પરંતુ શ્રી નરનારાયણદેવ પ્રત્યે નિષ્ઠા અને સમર્પણ વધતું જ રહે અને આપનું તથા આપના પરિવારનું મહારાજ ખૂબ રૂડુ કરે, આવનારી પેઢી સત્સંગમાં જોડાય. સાથે સાથે શ્રી નરનારાયણદેવનો આશરો જીવનમાં હરહંમેશ રહે એવી આજના પવિત્ર દિવસે પ્રાર્થના. એ સાથે ફરી એક વાર આભાર સાથે જય સ્વામિનારાયણ.....



(સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા - હીરાવાડી-બાપુનગર)

# “પર્વનું સંભારણું એટલે આપણે સૌએ અંતિમ લક્ષ્ય તરફ સદેવ પ્રયત્નશીલ રહેવાનું”

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી)**

પર્વમાં મજા આવી બધાને ? તો આટલી બધી માનવ મેદની વચ્ચે પણ ક્યાંય નાનો સરખો પણ ઝઘડો જોવા નથી મળ્યો તો બધાના સાથ સહકારથી કેટલી બધી શાંતિથી ઉજવાઈ ગયો **“પર્વ”**. તો આપણે એ વિચારવાનું કે આપણે આ **પર્વ**ને ક્યારે માણી શક્યા ? આપણા જીવનમાં **પર્વ**ને માણવામાં મોટામાં મોટો હિસ્સો કોનો હતો ? તો એના માટે મોટામાં મોટું સાધન છે એ છે **‘આપણું આ મનુષ્ય શરીર’ મનુષ્યદેહ વિનાશી છે. પણ આશીર્વાદરૂપ હોય છે.** કેમ કે ? આપણા અંદર જે સુખની ઝંખના કાયમ માટે રહેલી છે એ **‘શાશ્વત સુખ’** આપણને ઈશ્વર પ્રાપ્તિ થકી જ મળે છે. ને એ ઈશ્વરપ્રાપ્તિ એ આ મનુષ્ય શરીરના માધ્યમથી જ મળે છે. તો એ ઈશ્વર પ્રાપ્તિ એ જે આપણું અંતિમ લક્ષ્ય છે. તેના માટે આપણે પ્રયત્નશીલ છીએ તો એ જે ‘પથ’ આપણે અપનાવ્યો છે એ ‘પથ’ પર આપણે ચાલી રહ્યાં છીએ તેના માટે નિરંતર અભ્યાસ અને સાધના એ બધું ઉત્સાહપૂર્વક ચાલુ રાખવાનું અર્થાત્ **‘અંતિમ લક્ષ્ય તરફ સદૈવ પ્રયત્નશીલ રહેવાનુ.’** વચ્ચે વચ્ચે રોકાઈ જવાનું નહિ સતત પુરુષાર્થમાં પ્રવૃત રહેવાનું પણ એમા આપણી ભૂલ ક્યાં થાય છે. તો થોડા પરિશ્રમમાં વધારે ફળ જોઈએ છે. જીવનમાં ચમત્કારની આશા રાખીએ છીએ એ આપણી મોટમાં મોટી ભૂલ છે. તો એવું નહિ કરવાનું. ચમત્કારની અપેક્ષા કરતા પુરુષાર્થ પર ધ્યાન આપવાનું. આપણી પાસે પ્રેરણા સ્તોત્ર સંપૂર્ણ છે. શ્રીહરિ પ્રસ્થાપિત આચાર્ય પરંપરા, શાસ્ત્રો, સંતો, મંદિરો, સાંખ્યયોગી બહેનો બધું જ છે. મહારાજે બધું તૈયાર કરીને આપ્યું છે. માત્ર સાધના પોતે કરવાની છે. સાધનાના માર્ગે ચાલવામાં આપણે અધીરા થઈ જઈએ છીએ. પરંતુ આધ્યાત્મિક પ્રગતિનો જે માર્ગ છે એ ક્રમિક હોય છે. જેમાં ૧ થી ૧૦ ધોરણમાં ભણવાનું હોય છે. એવી રીતે પગથિયા ચઢવાના છે. એમ ધીમે ધીમે પ્રગતિ થાય છે. તો અધીરાઈ નહિ લાવવાની અને આંતરિક સંગ્રામ ચાલું રાખવાનો. જેમ સાસુ-વહુના ઝઘડા હોય છે ને ? એમ મન જોડે ઝઘડવાનું ચાલુ રાખવાનું અને એમા મન ગેરમાર્ગે દોરે તો ચૂપ બેસાડી દેવાનું. જો ખોટા વિચાર આવે તો કહી દેવાનું ‘તારી વાતમાં મારી સહી નથી’. કેમ કે ? આપણે મહાભારત જીતવાનું છે. તો એના માટે **‘મુમુક્ષુત્વની ભાવના પણ પ્રબળ રાખવાની’** ભગવાન દયા કરશે અને કલ્યાણ થઈ જશે એમ શાંત બેસી રહેવાનું નથી અને કોઈપણ પ્રકારના પ્રલોભનથી દૂર રહેવાનું. એના માટે **‘જીવનમાં વિવેકબુધ્ધિ આવશ્યક છે’ અને બીજું ખાસ એ છે કે આપણી સાધનાને સરળ બનાવવા માટે ‘આત્મસંયમ’**



**અને 'અનુશાસન' દ્વારા ઉચ્ચ વિચારોથી મનને સુશોભિત કરવાનું અને તેના દ્વારા અંતરનો સ્વભાવ સુધારવાનો. ઉચ્ચ ચારિત્ર્યનું ઘડતર કરવાનું. હૃદયને શુધ્ધ રાખવાનું. વૃતિઓને શાંત રાખવાની. અંદરથી ઉછળતા આવેગોને સ્થિર કરવાના. આ રીતે આ બધું કરવાનું કઠિન છે. કેમ કે ? માયા બહુ પ્રબળ છે. પરંતુ આપણે એ યાદ રાખવાનું છે કે માયાને જ્યાંથી બળ મળ્યું છે એ પરમાત્મા આપણા અંતરમાં બિરાજમાન છે. આપણે એ ભૂલી જઈએ છીએ માટે કઠિન પડે છે. તો અંતરમાં બિરાજમાન પરમાત્મા માયા કરતા વધારે બળવાન છે. જો અમુક વસ્તુ સમજાઈ જાય ને તો બધું સહેલું થઈ જાય છે. એના માટે અંતઃદષ્ટિ રાખવી પડે.** માણસનો સ્વભાવ જ એવો છે કે આપણે બાહ્યજગતમાં ખોવાઈ જઈએ છીએ અને લોકોની વાતોમાં આવી જઈએ છીએ એનાથી શાસ્ત્રો ઉપર પણ તર્ક વિતર્ક થઈ જાય છે. ને આપણે આ જે બધી અનુશાસનની વાત થઈ તેમાં વૈરાગ્યનું મહત્વ વધારે છે. જેટલો ઉત્સાહ અને ઉમંગ આપણે ઘરના કાર્યોમાં પૈસા કમાવામાં એ બધામાં હોય છે એટલો ઉત્સાહ અને ઉમંગ ભગવદ્પ્રાપ્તિ માટે રાખીશું તો બધું સહેલું થઈ જાય છે. આપણું કામ બની જાય છે. પણ આપણાથી આધ્યાત્મિક બાબતમાં વિલંબ થાય છે અને જેટલો વિલંબ થાય છે એટલી આપણા દુઃખમાં વૃધ્ધિ થાય છે. આધ્યાત્મિક બાબતમાં આપણે અધીરા અને આળસું થઈ જઈએ છીએ. સમતા નથી રાખી શકતા. પરંતુ આધ્યાત્મિક બાબતમાં આગળ વધતા આપણને જે કષ્ટ મળે છે એ વરદાનરૂપ હોય છે. માટે સમતા રાખવાની. કષ્ટથી આપણી અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ જાગૃત થાય છે. એ આપણા પાપને બાળી નાખે છે. અને આપણું મન શિસ્તમાં ન હોય ત્યારે જ દુઃખ આવે છે. આપણે બધું ભૂલી જઈએ છીએ અને ઈન્દ્રિયોના વશમાં થઈ જઈએ છીએ. તો આવું ન થાય એના માટે જીવનમાં વૈરાગ્યની મહત્તા વધારે છે. ઘર છોડીને ત્યાગ કરે એ વૈરાગ્યની વાત નથી એ દરેકના મનની સ્થિતિ છે. ગુફામાં બેસીને તપ કરનાર યોગી કરતા પણ ગૃહસ્થી વધારે વૈરાગી હોઈ શકે છે. યોગી ક્યારેક કૌપીન કમંડળમાં પણ આસક્ત હોય છે. એનો મતલબ એ નથી કે ઘર છોડવાનું નથી તપ કરવાનું નથી. એ લોકો પણ ખોટા નથી. **'ઘર છોડવું પણ સહેલું નથી.' કહેવાનો અર્થ છે કે 'મન અનાસક્ત થવું જોઈએ.' ઘરમાં રહો કે ત્યાગાશ્રમમાં રહો પણ જેટલા સંબંધો છે એ બધા સંબંધોમાં અનાસક્ત રહેવાય એ મોટો વૈરાગ્ય છે.** અહિંયા એટલું સમજવા માટે આ વાત છે કે તમે બધા ગૃહસ્થ છો તો ગૃહસ્થીઓએ પણ એવું નહિ સમજવાનું કે અમને મોક્ષ કઈ રીતે મળશે ? ગૃહસ્થાશ્રમમાં રહીને મોક્ષ મેળવવો વધારે કઠિન છે અને એ પણ ધ્યાન રાખવાનું છે કે શરીરને અતિશય કષ્ટ પણ નહિ આપવાનું. કેમ કે ? **'શરીર એ જ હાલતું ચાલતું મંદિર છે.'** જો શરીર નિરોગી નહિ રહે તો ભગવાન કેવી રીતે ભજાશે. જો ભગવાન હતા તો તેમણે પણ જ્યારે અતિશય શરીરને સૂકવી નાખ્યું તો તકલીફ પડી હતી. જ્યારે વધુ સંતુલન કર્યું ત્યારે પોતાના લક્ષ્ય સુધી પહોંચાયું. તો સંતુલનની ભાવના રાખવાની અને સમભાવ પણ રાખવાનો અને કટિબધ્ધ થઈને નિરંતરતા રાખીને આજ્ઞામાં રહેવાનો પ્રયત્ન કરવાનો તો મહારાજ દયા કરશે. અને આપણને આ મનુષ્ય શરીર મળ્યું છે તો મહારાજ દયા કરશે. મનુષ્યદેહ મળવો એ પરમાત્માની બહુ મોટી કૃપા છે અને આપણા બધા ઉપર તો વિશેષ કૃપા છે કે **મનુષ્યદેહ તો મળ્યો પણ ભરતખંડમાં મળ્યો અને સત્સંગમાં જન્મ મળ્યો અને મહારાજે આપણને પોતના 'આશ્રિત' બનાવ્યા. અને ભરતખંડના રાજાની 'રાજધાની' શ્રીનગર એમાં રહેવા મળે છે. અને ધારીએ તો રોજ નરનારાયણદેવના પ્રાંગણમાં બેસીને ભજન કરવાનું સુખ આપણને મળે એમ છે. તો આનાથી વિશેષ કૃપા બીજી કોઈ હોય જ ના શકે. આપણને આ નરનારાયણદેવનું પ્રાંગણ મળ્યું છે એ આપણા જીવનમાં બહુ મોટી વસ્તુ છે. આનાથી વિશેષ બીજું જોઈએ પણ શું ? આ જગતની બીજી કોઈ વસ્તુ આપણને પ્રાપ્ત ના થઈ હોય તો એનો મોહ નહિ રાખવાનો. આ નાશવંત દેહના માધ્યમથી અવિનાશી સુખ લેવાનું. માધ્યમ એટલે 'નરનારાયણદેવનું પ્રાંગણ' જેની પ્રાપ્તિ આપણને બધાને થઈ છે. તો આપણને આ શ્રી નરનારાયણદેવનો ૨૦૦ વર્ષનો ઉત્સવ 'પર્વ' તેને અનુભવવા મળ્યો એ પર્વની મહેંક છે તેને જીવનમાં યાદગાર બનાવવાની કઈ રીતે ? તો આપણા જીવનનું જે અંતિમ લક્ષ્ય છે 'મોક્ષ પ્રાપ્તિ' તો એના માટે સદૈવ પ્રયત્નશીલ રહેવાનું.**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)


ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી.આર. પાટીલનું સન્માન


આર.એસ.એસ.ના પૂર્વ સર કાર્યવાહ શ્રી ભૈયાજી જોષીનું સન્માન


શ્રી પ્રદિપસિંહ જાડેજાનું સન્માન


શ્રી શંકરસિંહ વાઘેલાનું સન્માન


શ્રી જય શાહનું સન્માન


શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું સન્માન


શ્રી સુનિલભાઈ બોરિસાનું સન્માન


ડૉ. વિનીત મિશ્રાનું સન્માન


લલ્લુજી એન્ડ સન્સનું સન્માન


મંત્રીશ્રી બ્રિજેશ મીર્જાનું સન્માન


શ્રી પ્રદિપસિંહ વાઘેલા પ્રદેશ મહામંત્રીશ્રી (ભાજપ) નું સન્માન


મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણનું સન્માન


રેન્જ IG શ્રી અભયસિંહ ચુડાસમા (ગાંધીનગર)નું સન્માન


શ્રી મયુરસિંહ ચાવડા (ગાંધીનગર એસ.પી.) નું સન્માન


શ્રી ચિંતન ઉપાધ્યાય (મુખ્ય પ્રચારક આર.એસ.એસ. ગુજરાત પ્રાંત) નું સન્માન








पर्व





# SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

## BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME -
SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME -
SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME -
SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.** |
| | **(સંસ્થાપક)** | | **આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

# "एक हग तो बनता है..."

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી**
**પ.પૂ. લાલજી મહારાજશ્રીની કામગીરીને હગ આપીને બિરદાવતા**



Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

# મોરે મંદિર આજ બધાઈ...



Praful Kharsani